ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૨૪ | ૧ જાન્યુઆરી-૨૦૧૭ | પાના-૧૨ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી
## પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.

સુજ્ઞ ભાઈ ત્રિભોવન,

કાર્યની જાળમાં આવી પડ્યા પછી ઘણું કરીને પ્રત્યેક જીવ પશ્ચાત્તાપયુક્ત હોય છે. કાર્યના જન્મ પ્રથમ વિચાર થાય અને તે દ્રઢ રહે એમ રહેવું બહુ વિકટ છે, એમ જે ડાહ્યા મનુષ્યો કહે છે તે ખરું છે. તો તમને પણ આ પ્રસંગે આર્ત્તપૂર્વક ચિંતન રહેતું હશે, અને તેમ થવું સંભાવ્ય છે. કાર્યનું પરિણામ, પશ્ચાત્તાપથી તો, આવ્યું હોય તેથી અન્યથા ન થાય; તથાપિ બીજા તેવા પ્રસંગમાં ઉપદેશનું કારણ થાય. એમ જ હોવું યોગ્ય હતું એમ માની શોકનો પરિત્યાગ કરવો; અને માત્ર માયાના પ્રબળનો વિચાર કરવો એ ઉત્તમ છે. માયાનું સ્વરૂપ એવું છે કે એમાં જેને 'સત્' સંપ્રાપ્ત છે તેવા જ્ઞાની પુરુષને પણ રહેવું વિકટ છે, તો પછી હજુ મુમુક્ષુતાના અંશોનું પણ મલિનત્વ છે તેને એ સ્વરૂપમાં રહેવું વિકટ, ભુલામણીવાળું, ચલિત કરનાર હોય એમાં કંઈ આશ્ચર્ય નથી એમ જરૂર જાણજો.

જોકે અમને ઉપાધિયોગ છે તથાપિ અવકાશ નથી મળતો એમ કંઈ છે નહીં, પણ દશા એવી છે કે જેમાં પરમાર્થ વિષે કંઈ ન થઈ શકે, અને રુચિ પણ હાલ તો તેમ જ રહે છે.

માયાનો પ્રપંચ ક્ષણે ક્ષણે બાધકર્તા છે; તે પ્રપંચના તાપની નિવૃત્તિ કોઈ કલ્પદ્રુમની છાયા છે; અને કાં કેવળદશા છે; તથાપિ કલ્પદ્રુમની છાયા પ્રશસ્ત છે; તે સિવાય એ તાપની નિવૃત્તિ નથી; અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવા જીવે જોગ્ય થવું પ્રશસ્ત છે. તે જોગ્ય થવામાં બાધકર્તા એવો આ માયાપ્રપંચ છે, જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા વિના જોગ્યતાનું આવરણ ભંગ થતું નથી; પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચાર્યે કોટચવધિ યોજનો ચાલ્યા કરે છે; ત્યાં જોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય? આમ ન થાય તેટલા માટે થયેલાં કાર્યના ઉપદ્રવને જેમ શમાવાય તેમ શમાવી, સર્વ પ્રકારે નિવૃત્તિ (એ વિષેની) કરી યોગ્ય વ્યવહારમાં આવવાનું પ્રયત્ન કરવું ઉચિત છે. 'ન ચાલતા' કરવો જોઈએ, અને તે પણ પ્રારબ્ધવશાત્ નિ:સ્પૃહ બુદ્ધિથી એવો જે વ્યવહાર તેને યોગ્ય વ્યવહાર માનજો. અત્ર ઈશ્વરાનુગ્રહ છે.

**વિ. રાયચંદના પ્રણામ. શ્રીમદ્ રાજચંદ્રજી- પત્રાંક-૧૦૮.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## ''વિવેક અને સાધના'' માંથી સાભાર

આપણી ઉન્નતિ માટે કોઈપણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે અને તેનામાં દ્રઢતા અને નિગ્રહશક્તિ હોય તો તે માર્ગે જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. ઉન્નતિના માર્ગમાં આપણને પોતાના જ અયોગ્ય સંસ્કારો અને ટેવોને બદલવાની જ પહેલી મુશ્કેલી આવે છે એ સંસ્કારો અને ટેવો બદલ્યા વગર આપણે આગળ ન વધી શકીએ.

વરાળની જડ શક્તિની મારફતે મોટી નદીઓમાંથી કાઢેલી નહેરો વડે કે કોઈ જલ સંચય વડે પણ યોજનાની મદદથી પ્રચંડ કાર્યો કરાવી શકાય છે, તો ચૈતન્યના અપરંપાર સાગર એવા પરમાત્મા સાથે, બ્રહ્મ સાથે આપણે એકરૂપ કે સમરસ થયા પછી આપણી દ્વારા પણ એ મહાચૈતન્યને શોભે એવા કાર્યો થતા રહે એ જ એકંદરે બધી દ્રષ્ટિથી સુસંગત અને યોગ્ય લાગે છે.

શ્રધ્ધા, ભક્તિ અને નિષ્ઠા આ શ્રેષ્ઠ અને પવિત્ર ભાવનાઓમાં અસાધારણ સામર્થ્ય છે. જે પ્રમાણમાં આપણામાં સંયમ, પુરુષાર્થ, સદભાવના અને સદગુણ હોય તે પ્રમાણમાં તે સામર્થ્ય પ્રગટ થાય છે. ધર્મમાં સામર્થ્ય લાવવાનું કામ શ્રધ્ધાનું છે, ધર્મને ગતિ આપવાનું કામ ભક્તિનું છે અને ધર્મમાં તેજ લાવવાનું સામર્થ્ય નિષ્ઠામાં છે; એ ધ્યાનમાં લઈ આપણે શ્રધ્ધા, ભક્તિ અને નિષ્ઠાને આપણા જીવનમાં યોગ્ય મહત્વ આપવું જોઈએ.

જીવનનો હેતુ તમારા ધ્યાનમાં આવ્યો હોય તો તેને સહાયરૂપ વસ્તુઓ આ અભ્યાસમાં કંઈ છે તે પણ તમારા ધ્યાનમાં આવશે જ અને તેને જ તમે મહત્વ આપજો. થોડી ભૂલચુક થાય તો તે બદલ ચિંતા કરવાનું કારણ નથી. અનુભવ, શોધકપણું, જ્ઞાન, જાગૃતિ, સદગુણો વિષે રૂચિ, તેની પ્રાપ્તિ માટે જોઈતો પુરુષાર્થ અને આ બધાનો જીવન સાર્થક કરવા માટે જોઈતો સુમેળ વગેરે બાબતો જેથી પ્રાપ્ત થઈ શકે તે જ ખરો અભ્યાસ છે એ વાત સાધકે સતત પોતાની નજર સામે રાખવી જોઈએ.

આ માર્ગમાં તીવ્ર વ્યાકુળતા, હેતુ વિષે તીવ્રતા, સંકલ્પની દ્રઢતા, પ્રયત્નનું સાતત્ય અને સિધ્ધિ મળતા ગમે તેટલો વિલંબ થાય તો ય કદીય ચલિત ન થનારી ધીરજ, દ્રઢ ઈશ્વરનિષ્ઠા વગેરે અનેક ગુણોની જરૂર છે. ઉતાવળા પણું, અલ્પ સંતોષીપણું અવિશ્વાસ અને ચંચલતા આમાં ન ચાલે.

**અનુ. કિશોરલાલ મશરુવાળા, ત્રીજી આવૃતિ**

## ગાંધીનો સાદ છે
## સ્વસ્થ વિકાસ અને નરવી જીવનદ્રષ્ટિનો

ગાંધીજી કહેતા કે, 'આધુનિક સભ્યતાની ખરી ઓળખ તો એ છે કે માણસો બહિરની શોધોમાં ને શરીરસુખમાં સાર્થક્ય અને પુરુષાર્થ માને છે...... પણ આ રીતે સુખ નથી મળી શકતું.'

સુખ બહાર નથી, અંદર છે. મર્યાદાવિહીન ભોગવાદ સુખચેન આપી શકતો નથી એટલે ઘાંઘો થયેલો માણસ બીડીસિગારેટ, પાનમસાલા, દારૂ તેમ જ બીજાં કેફી દ્રવ્યો પાછળ દોડીને જિંદગીના ખાલીપાને પૂરવા હવાતિયાં નાખે છે. ધન અને વૈભવ વધે, મોજશોખ અને એશઆરામ વધે એટલે સુખ વધે છે એવો દાવો કોઈ કરી શકે તેમ નથી.

આધુનિક સભ્યતામાં પૈસો એ જ પરમેશ્વર છે. જ્યાં પૈસો પરમેશ્વર ગણાતો હોય ત્યાં નીતિની કે ધર્મની વાત રહેતી નથી.

- તેથી જ ખોટાં મૂલ્યો, ખોટી માન્યતાઓ અને ખોટા જીવનદર્શનથી બચીને ચાલજો એવો ગાંધીનો ચિરંતન સાદ છે.

ઈતિહાસમાં સૌથી વધારે ગણતરીબાજ, લોભી, વેપારી માનસવાળી અને પૈસા પાછળ પાગલ એવી આ સભ્યતા છે. તેણે અણઘડ, હલકો, ગમાર અને અભદ્ર ભૌતિકવાદ ફેલાવ્યો અને માણસના વિચારો, મૂલ્યો તેમજ કાર્યોને કઢંગો ઘાટ આપ્યો.

**- ઑલવિન ટૉફ્લર**

## ગાંધીને પગલે ચાલવા જરૂર પડશે પ્રચંડ પુરુષાર્થની

ગાંધીનો માર્ગ સતનો મારગ છે. એમાં કાયરતાનું કામ નથી. એ માર્ગ સાચો છે એની ખાતરી જગતમાં વિચાર કરનારા લોકોને થવા માંડી છે. એ માર્ગે જવા માટે ઉલ્લંઘી ન શકાય તેવા કેટલાક આચારો છે જેમાં :

- સાદી, સંયમી અને કુદરતની સાથે મેળમાં હોય એવી રહેણીકરણીનો મહિમા છે. શ્રમની ઊંચી પ્રતિષ્ઠા છે. એમાં શોષણને સ્થાન નથી. ધન કરતાં ધર્મ એટલે કે માનવધર્મ તેમ જ નાગરિકધર્મ વિશેષ આદરપાત્ર છે. જેમાં કામચોરી નથી, કામ કરવા માટે લાંચરુશવતનો વ્યવહાર નથી. દરેક માણસ જવાબદારીથી વર્તે અને સમાજનાં દૂષણો નાબૂદ કરતા તત્પર થાય એવો ઘાટ આપનારી શિક્ષણવ્યવસ્થા છે.
- ધર્મ, ભાષા, વર્ણ, જાતિ, લિંગ કે બીજા કોઈ પણ નામે માણસ માણસ વચ્ચે ભેદ પાડતી, દ્વેષ જન્માવતી વિચારધારા માટે અવકાશ નથી. જેમાં હિંસા વર્જ્ય છે.
- ખેતી જેમાં સજીવ છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો કશો ખપ નથી. ખાતર અને ઊર્જા માટે ગોબરગૅસ પ્લાન્ટ હોય છે. ગોપાલન અને ગોરક્ષા તેના ધ્રુવતારકો છે.
- ગામને સમૃદ્ધ બનાવવાની ગુરુચાવી ગ્રામોદ્યોગો અને પશુપાલનમાં છે. ગામમાં પેદા થતા કાચા માલને ગામમાં જ પાકો બનાવવાની યોજના છે.
- સ્વદેશી અને ગ્રામોદ્યોગની ઉપાસનાને પરિણામે જ્યાં કાંતણ, પીંજણ, વણાટ અને રંગકામની પ્રવૃત્તિઓ થાય, તેલની ઘાણી ચાલે, ગોળ, સાબુ, ચંપલ વગેરે ગામમાં જ બને એવી ગ્રામલક્ષ્મીના ઉદયની ઝંખના છે.
- પર્યાવરણની કાળજી લેનારા અને પ્રદુષણોને ભગાડનારા લોકો છે. ગામમાં કોઈ ભૂખ્યું કે કામ વગરનું નથી. ગામના વિવાદોનો નિકાલ ગામમાં જ થાય છે. આવા ગ્રામલક્ષી સમાજના પાયા ઉપર સ્વરાજની ઈમારત રચવાના ગાંધીના કોડ હતા. એ કોડ પૂરા થાય તે માટે જરૂર છે એવા લોકોની કે જે

**વિચારનો આરંભ કરે વિશ્વથી, અને આચરણ કરે ગામથી**

શહીદ થવાની મને તાલાવેલી નથી, પરંતુ જેને હું ધર્મ ગણું છું તેની રક્ષા કરવાનું જે મારું પરમ કર્તવ્ય છે તે બજાવવા જતાં જો શહીદી વહોરવી પડે તો... તે મારી મોટી કમાણી હશે.

જ્યારે અશુભ એવું કશું કરવાને હું અસમર્થ થઈ પડીશ અને જ્યારે મારી વિચારસૃષ્ટિમાં એક ક્ષણને સારુ પણ કટુ અગર રોષભરી એવી વસ્તુ સ્થાન નહીં પામી શકે ત્યારે જ મારી અહિંસા આખા જગતના અંતરને અસર કરશે. **- ગાંધીજી- સૌ. નવજીવન પ્રેસ.**

## નવા વર્ષે નવું અમલમાં મુકીએ

**પડકારોને અવરોધો નહીં, અવરોધોને પડકારો**

**ફક્ત શ્રેષ્ઠ બાબતો વિશે જ વિચારજો, ફક્ત શ્રેષ્ઠ બાબતો પર જ કામ કરજો, અને ફક્ત શ્રેષ્ઠની જ અપેક્ષા રાખજો.**

**ભય સતાવી ના શકે એટલા શક્તિશાળી બની જજો. અને વિપદાઓ નજીક ફરકી ના શકે એટલા પ્રસન્ન રહેજો.**

**તમારા સ્વવિકાસમાં એટલા રચ્યા પચ્યા રહેજો કે બીજાની કુથલી કરવા માટે તમારી પાસે સમય જ ન હોય.**

**ચિંતા હણી ન શકે એટલા વિશાળ બની જજો.**

**નવું વર્ષ ૨૦૧૭ નવા પડકારો લઈને આવી રહ્યું છે, જેનો સામનો કરવાની દરેકને શક્તિ મળે અને દરેકનું જીવન પોતાનામાં અને સમાજ-દેશમાં સુપરિવર્તન લાવવામાં સફળ બને એવી સર્વને શુભકામના. – જયેશ ચિતલીયા, સૌ. મીડ ડે**

**સહનશીલતા, પરિપક્વ મનની ભદ્રતા, કોઈનું પડાવી લેવાની વૃતિ વગરનો પ્રશાંત આત્મભાવ, સમજણથી છલોછલ, એવા હૃદયની શાંતિ અને બધાજ જીવો, પ્રત્યેની એકતા અને કરૂણાથી લથપથ એવો પ્રેમ; આ બધી જ બાબતો ભારત ભવિષ્યમાં સમગ્ર વિશ્વને શીખવશે. –વિલ દૂરા, સૌ. ગુણવંત શાહ**

## આ અંકમાં


| | | |
|---|---|---|
| રાજવાણી - વિવેક અને સાધના | | ૧ |
| ગાંધીનો સાદ | નવજીવન-પ્રેસ | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ-ભા.૮મો. | તંત્રી | ૩-૪ |
| તાતા થૈથૈ | પ્રવીણ દરજી | ૫ |
| આપણા વ્યવસાયનું ઉંજણ-પશુપ્રેમ | હીરજીભાઈ ભીંગરાડીયા | ૬-૭ |
| સાચો ધર્મ તો અનુભવ | સ્વામી વિવેકાનંદ | ૮ |
| ભેખડિયા-આદિવાસી સાથે અનુભવ | ગીતા ગાલા | ૯ |
| અગમ ખેલ અનહદકી - લઘુકથાઓ | | ૧૦ |
| કવિતા -લવાજમ -દવાની લુંટ બંધ ક્યારે થશે ? | | ૧૧ |
| કોળાની અવેજીમાં ઔષધોપચાર | મંજુ સાવલા | ૧૨ |

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૮મો

પનવેલ ફાર્મનું નામ હતું નિજાનંદવાડી. એક આદેશ થયો આ વાડી છોડો અને એ રાતે જ ૨૮.૨.૯૬ના છોડી દીધી. યાત્રા અંતર અવાજ મુજબ જ ચાલી છે અંતર અવાજનો આદેશ આવ્યો ૧૯૮૪-૮૫ માં એક વરસનું મૌન લો, ઘરે પાછા જાવ અને ગંદકી સાફ કરો એવા આદેશોનો અમલ જરૂર થયો છે પણ એનાં અમલમાં ક્યારેક ૯ કે ૧૨ મહિના જેવો સમય ગયો છે. આ એક જ આદેશ ૨૮.૨.૯૬ નો એવો હતો જેનો અમલ થોડી ક્ષણોમાં જ થયો છે.

અમારા વડિલ મિત્ર નરેન્દ્રભાઈ દુબે આ પછી ઘરે આવેલા કહે. આવો આદેશ રાતોરાત ઉઠવાનો આવે એવા ભગવાનને તો થપ્પડ મારી દઉ હું. અમે તો હસતા રહ્યા ભલે અમને ખબર નહોતી પણ એ અસ્તિત્વને, ભગવાનને ખબર હતી કે પૂ. માટલિયાજી ૨૭.૧૨.૯૬ના કાયમી વિદાય લેવાના છે, અને એમનું શ્રેષ્ઠ માર્ગદર્શન જો અમે પનવેલ રહી ગયા હોત તો અમે એથી વંચિત રહી જાત અને એમ થયું હોત તો જે યાત્રા આજે પંદરભવ પુરતી સિમત થઈ ગઈ છે એ અર્ધપુદગલ પરાવર્તન પર્યંત લંબાઈ જાત. એ સજા કેવી કઠણ હોય એ કોઈ તત્વાર્થી - પંડિત જ જાણી શકે છે. પડવાની પુરી સંભાવના હતી તેમાંથી બચી ગયા તેમાં માટલિયાજીનુ માર્ગદર્શન અને ગુરૂકૃપા સહાય જ મુખ્ય સહાયક બની રહ્યા.

**૨૯.૭.૯૬ ડાયરી પાના નં. ૩૦ થી માંથી કેટલુંક**

''રાતે ૩ વાગે સમુદ્રકિનારે ફરવા નીકળ્યો અને ચાંદનીનો આનંદ લેતો રહ્યો. સામે તારાપુર અણુઉર્જા કેન્દ્ર જોયું તો મનમાં ભાવ આવ્યો કે અરે આ સમાધિ સ્થળ એ તો આ સ્થુળ અણુ ઉર્જા કેન્દ્ર કરતાં અનંતગણું ઉર્જામય સ્થાન છે. અહિં તો ઉર્જાનો અખંડ સ્તોત્ર વહી રહ્યો છે. આવા પ્રચંડ ઉર્જા સ્થળની મધ્યમાં અસંગતાનો આવો પરમ દુર્લભ અવસર મળ્યો એ માટે માટલિયાનો બહુમુલ્ય ફાળો રહ્યો છે.

હવે પછીના પાંચ મહિના સમાધિ પરિસરમાં શું કરવું તેનું એક સ્પષ્ટ ચિત્ર ઉપસી આવ્યું.

સમાધિ સ્થળ સુંદર મનમોહક ફૂલઝાડવાળી સુંદર બગીચો બનાવી શકાય. મકાન રીપેરીંગ, પંપરૂમ તથા આદિવાસીના મકાનમાં લાઈટ આપી શકાય, નાળિયેરીની થોડી માવજત કરીને ઉપજાઉ બનાવી શકાય. આ બધા કામ તો ચપટી વગાડતા થઈ શકે તેમ છે. ૩૧.૭.૯૬ ના સવારે ગુરૂપૂર્ણિમાના દિવસે સમાધિમાં હળ ફેરવાઈ ગયું. વિચાર કર્યો તો બીજે દિવસે કામ થઈ ગયું. આમ ગુરૂપૂર્ણિમાએ સાચું ગુરૂપૂજન થયું. મેં કલ્પના નહોતી કરી, નહોતું ધાર્યું એમ જ એકાએક થઈ ગયું ગુરૂકૃપાને માટે સતત હૃદયથી ભાવપૂર્વક સતત વંદન કરતો રહ્યો. ખેતરમાંથી કચરો-નિંદામણ કાઢીને સાફ કર્યું.

આજે પત્ર વ્યવહાર ચાલુ કર્યો પ્રથમ પત્ર માતુશ્રીને અનકાઈ લખ્યો. લખ્યું, ''અત્યાર સુધી સદગુરૂની ઓળખાણ અને આશ્રય નથી થયો એ જ પરિભ્રમણનું કારણ છે. માટે ધ્યાન સદગુરૂ મળે એની પ્રાર્થના અર્થે કરો. વિચારીને સદગુરૂ કરવા વેશ જોઈને નહી.''

દરિયા દર્શન કરતા વિચારો આવ્યા ભરતીનો સમય છે અને દરિયો મસ્તીમાં ઉછળી રહ્યો છે. અંતરમાં એવી જ આનંદની છોળો ઉછળી રહી છે. આ આનંદ શાશ્વત આનંદ છે. ક્ષણિક આનંદ નથી. પ્રકૃતિના નિયમને વંદન કર્યા. યથા યોગ્ય સમયે નિશ્ચિત સમયે ભરતી આવે છે, નિશ્ચિત સમયે ઓટ આવે છે. ભરતી સમયે એવો વેગ હોય છે હમણા સમુદ્ર મર્યાદા ઓળંગીને જળ બંબાકાર કરી મુકશે પણ ના એ મર્યાદા ક્યારેય ઓળંગતો નથી. એની શક્તિનો અહેસાસ જરૂર કરાવે છે પણ સાથે મર્યાદાનું પણ ભાન રાખે છે. ઓટમાં જુઓ તો માઈલો સુધી એ જ પાણી દૂર ચાલ્યુ જાય છે જાણે કંઈ હતું નહીં. અગર એ પાણી કાઢવા પ્રચંડ મશીનો લગાડો તો પણ ન નીકળે એ કામ સહજ આ કોણ કરે છે? રોજ નિયમિત રીતે દિવસમાં બે વાર આ ભરતી ઓટ કોણ કરાવે છે? સદીઓથી આ નિયમિત ક્રમ ચાલ્યો આવે છે. કોણ કરે છે આ બધુ? નિસર્ગ કેટલું નિયમબધ્ધ છે તેનો ખ્યાલ આવે છે. કુદરતની આ નિયમબધ્ધતા મશીન કે માનવી આધારિત નથી, એ નિસર્ગનો સહજક્રમ છે. આ નિસર્ગની શક્તિ, ક્રમ સાથે આપણી પામરતાને ઓળખીએ-સમજીએ તો નકામો ભાર ન રહે. કંઈ કરવા પણું ન રહે સહજ થાય તે જ કરવાનું થાય. કુદરતે નિશ્ચિત રીતે બધું નિર્માણ કર્યું છે. આપણે તો ફક્ત આ લીલાને સમજવાની જરૂર છે. આ લીલા સમજાય, દ્રઢ થાય તો પછી ઈશ્વરાધીન બધું થતું રહેશે. આને ઈશ્વરાધીન, હરિઆધીન, હરિઈચ્છા કે નિસર્ગ આધીન કહો બધું એક જ છે. માત્ર શબ્દનો ભેદ છે.''

૨૯/૩૦/૩૧ જુલાઈ અઠમ હતો (ત્રણ દિવસના જૈન ઉપવાસ) ખેતીનું-શ્રમનું નિંદામણનું કાર્ય દિવસભર થતું, શ્રમ કરવા છતાં થાક કે કંટાળો લાગતો નથી. **ડાયરી પાનું.૪૦**

''ના રાગ છે, ના દ્વેષ છે, ના હર્ષ છે, ના શોક છે, જે કંઈ બની રહ્યું છે તે ફક્ત દ્રષ્ટાભાવે જોઈ રહ્યો છું. બસ એનો આનંદ છે એટલું જ. એ આનંદ સાગરમાં ડુબકીઓ લગાવતો રહું છું. કૃપાળુદેવની કૃપા પ્રત્યે બસ અહોભાવ ને અહોભાવ જ રહ્યા કરે છે. ઈશ્વરી યોજના અને ઈશ્વરીય કાર્યને સમજવું મુશ્કેલ છે. બસ એમના નિમિત બની જાઓ, હાથા બની જાઓ. બાકી એ સંભાળી લેશે એમ દ્રઢ વિચાર થયો છે. કેટલી હળવાશ છે! કેટલો આનંદ છે! ના થાક છે, ના ભૂખ છે, ના નિંદ્રા છે, ના કંટાળો છે, ન ઉદાસી છે. બસ આનંદ આનંદ જ અંતરબાહ્ય બંનેમાં વર્તી રહ્યો છે. પ્રણામ ગુરુદેવ આપને! જો મારો ગુરુ થવામાં કેટલી ઠોકરો ખાધી, કેટલી ભૂલો કરી, એ હવે આજે સમજાય છે. મારો તો શું કોઈનો પણ ગુરુ થવામાં નહીં, બસ આપનો શિષ્ય થવામાં જ કલ્યાણ હતું અને છે એ આજે અત્યંત સ્પષ્ટ ભાસે છે.

પરમ વંદન હો, પરમ નમસ્કાર હો, સાક્ષાત પ્રણામ હો, પ્રભુ! બસ સદૈવ આપનો જ આશ્રય રહે, આપનું જ છત્ર રહે એટલી નમ્ર પ્રાર્થના સ્વીકારજો, પ્રભુ! આટલી કૃપા જરૂર કરજો, એમાં કૃપણ ન થશો. આમ તો આપની દયાનો કરૂણાનો ધોધ સતત વહી રહ્યો છે. આ ધોધમાં જો અહંકારનો અંશ પણ ભળે તો ડુબી મરીએ. એવા પ્રચંડ ધોધમાં ફૂલની જેમ હળવાશથી તરી રહ્યો છું એ આપની જ કૃપા છે. આમ તો આપની કૃપા સર્વતરફ સરખી જ વહી રહી છે પણ જગતના જીવોને તેનો ખ્યાલ નથી એટલે લાગે કદાચ કે બધી કૃપા એક જ ઠેકાણે અહિ વહી રહી છે. પણ, ના એ જગતના જીવોનો ભ્રમ છે, આપનો તો સર્વ પ્રત્યે સમભાવ જ છે. બસ, તૈયાર થાય, નિર્ણય કરે, આશ્રય કરે એટલી જ વાર છે. અમને તો હવે આપનો જ આશ્રય ભવોભવ રહો. તા.૧.૮.૯૬ ના સવારે ૧.૫૪ મીનીટના પુરૂ થયું)

**ડાયરી પાનું-૪૩ તા.૨.૮.૯૬.**

''આજે મને સંતબાલજીએ મીરાબેનને 'ૐ મૈયા શરણમ મમ્' ના પ્રતિક માન્યો છે તે સમજાય છે. મીરાબેનનો સ્વભાવ જાણવા છતાં, મીરાબેનને મૈયાના પ્રતિક માનવામાં આ સંતની આર્ષદ્રષ્ટિ જરૂર રહી છે. ગમે તેવા દુર્ગણો હોય, વ્યક્તિનો મુળ સ્વભાવ જ જુઓ. મુળ સ્વભાવમાં ક્યાંય દોષ નથી. જીવને આવરણ છે એટલું જ એટલે જ મીરાબેનને એમણે ૐ મૈયાના પ્રતિક માન્યા છે. આમ જુઓ તો મીરાબેન અને મણીભાઈ સરળ છે, સારા છે પણ દુનિયાને એ ઘણા અપૂર્ણ લાગે. ઘણાને એમાં દોષો લાગે, કેટલાક છે પણ ખરા અને એ તો દરેકમાં હોય છે. ચિંચણના વિકાસમાં સંતબાલજીની હાજરીમાં અને પછી પણ મીરાબેન લગભગ અડચણરૂપ રહ્યા છે. સંતબાલજીએ જોયું છે અનુભવ્યું છે તે છતાં તેમણે ફક્ત દ્રષ્ટાભાવથી એમને સ્વીકાર્યા છે. પ્રકૃતિની એમ જ ઈચ્છા છે માની એમને માન્ય કર્યા છે. એક વ્યક્તિ ખાતર આખી સંસ્થાની પ્રગતિનો માર્ગ રૂંધાય એવી પરિસ્થિતિમાં પણ સંતબાલજી એ જે સમતા રાખી છે, સમભાવ રાખ્યો છે, દ્રષ્ટાભાવ રાખ્યો છે એ ભવ્ય છે. મેં એમને જોયા નથી પણ આજે એમના આ પ્રચંડ દ્રષ્ટાભાવને, નિર્વિકલ્પ દ્રષ્ટાભાવને પરમભાવથી હૃદયપૂર્વક વંદન કરું છું. એમણે વિશ્વશાંતિનું એક સ્પષ્ટ ચિત્ર એમની નજરે દોર્યું છે, એનું બીજ વાવ્યું છે, બાકી સર્વ પરમપિતાને સોંપીને પછી નિર્ભાર થયા છે. અને આ જ છે તેમનો ભવ્ય પુરુષાર્થ.

ઉત્તમ બીજ છે, એને યોગ્ય ખાતર પાણી હવા મળી રહે તો વટવૃક્ષ થવાની અહિં પુરી ક્ષમતા છે એ સ્પષ્ટ દેખાય છે, જણાય છે, અનુભવાય છે.

સમાધિ પાસે ક્યારેક જીપમાં એક યુવાન-યુવતી આવતા અને પછી પ્રેમની સાધના કરતા. અમે દ્રષ્ટાભાવથી જોતા રહેલા. એક દિવસ કોઈનું મરણ થયેલ તેની ચિતા બળતી હતી. ભરતી તેના પૂર્ણ સ્વરૂપમાં હતી. પેલી ચિતા બુઝાઈ ગયેલ. તેના લાકડા પાણીમાં તરવા લાગ્યા. એક તો પાંચેક ફુટનું ૭૦/૮૦ કિલોનું એક ફૂટ ઘેરાવાનું લાકડું હતું. મને થયું લાવ લઈને રસ્તા વચ્ચે મુકી દઉ. આ જીપ આવતી બંધ થઈ જાય. તેથી અડધો કલાક મહેનત કરી રસ્તા પર મુકી દીધું. ત્યાં તો સામેથી રમણભાઈ આવ્યા કહે ફેંકી દો, ફેંકી દો. આ તો લાશના લાકડા છે. મેં ઈશારાથી કીધું ભલે રહ્યા હું તો પાછો સમાધિમાં નિંદામણ કામમાં લાગી ગયો. ત્યાં વળી એમના પત્ની આવ્યા, કહે રમેશભાઈ આ લાકડા ફેંકી દો પાછા અને નાહી લો. એ જ સમયે થયું આપણી સાધના દ્રષ્ટા ભાવની છે. કોઈનું દિલ દુભાવવાની નહીં. શા માટે આ આગ્રહ ? તરત પાછો લઈ લાકડાને દરિયા કિનારે નાંખી દીધા. હું માનું છું કે આ લાકડાનો ઉપયોગ કર્યો હોત તો કંઈ ખોટું નહોતું એ ન વાપરવામાં ભય અને અજ્ઞાન જ રહ્યા છે. અન્ય કશું નથી. અન્યના સંતોષ ખાતર એમણે કહ્યું તેમ લાકડા પાછા ફેંકી દીધા ને પછી જેને જોયેલ નથી એના નામનું નાહીને એમને પ્રભુ શાંતિ આપે એમ પ્રાર્થના પણ ભાવી. માનવી કેટલા અજ્ઞાન અને ભય હેઠળ જીવે છે ? વિચારતો રહ્યો અને મનમાં હસતો રહ્યો. રમણભાઈએ કીધું ત્યારે આગ્રહ રાખ્યો કે ભલે રહ્યા અને એમના પત્નીએ કીધા પછી તરત પાછા નાંખી દીધા એમાં લગભગ ૨૦/૨૫ મીનીટનો ગાળો રહ્યો. આટલો વખત સુધી આપણો આગ્રહ રહ્યો એટલી અજાગૃતતા એટલો દ્રષ્ટાભાવ કાચો.

આજે આ સ્મશાન ભૂમિએ સારું ભાથું પુરૂ પાડ્યું, મેં તો સ્મશાનમાંથી એક માટલી લાવી રૂમમાં રાખેલ. થોડા વખત એમાં પાણી ભરીને પીધેલ પણ ખરું. આ ઉપયોગ કરવામાં કંઈ ખોટું નથી. તેમાં ફૂલ ઝાડ વાવી શકાય, ચુલે ચડાવવામાં, ગરમ પાણી કરવા વિ. માં પણ ઉપયોગ લેવાય તો એમાં કશું ખોટું નથી. આ જે ભય છે તે અજ્ઞાન છે, તે ટળવો જોઈએ. રાખ એ ઉત્તમ ખાતર છે એટલે મર્યા પછી અસ્થિ વિસર્જનની વાત ઋષિઓએ કરી છે તે હવે સમજાય છે.''

આ લાકડાનો ઉપયોગ કરાય કે નહિ એ માટે માટલિયાને પુછવા વિચારેલ. આ વિષે બીજે જ દિવસે એક પ્રસંગ બન્યો. સવારે વનિતાબેનને ઘરે ગયો હતો. તેમના ઘરેથી નીકળતા દરવાજામાં એકદમ જુનુ પીળુ પડી ગયેલ પેપર નજર પડ્યું મથાળામાં મોટા અક્ષરે હતું ''સાચો વૈરાગ્ય ભાવ તો ભતૃહરિનો!'' એટલે સહજ સાથે લઈ લીધું.

આ સંદેશ ૨૦.૪.૦૨ ની ''જ્યોત સે જ્યોત જલે'' ની કોલમનું એક જ પાનું મળ્યું. જવાબ આ કોલમમાં હતો ''ભતૃહરિને એકવાર કકડીને ભૂખ લાગી હતી. ચાલતા હતાં ત્યાં સામે એક ચિતા સ્મશાનમાં બળતી હતી. પાસે લોટના લાડુ અને પૈસા પડેલ હતા. પૈસા ફેંકી દીધા અને લોટના લાડુ પડેલ હતા તેના રોટલા બનાવી ચિતા પર શેકવા લાગ્યા.

આ પ્રસંગ બન્યા પછી સતત મનમાં હસતો રહ્યો. જ્યા ભતૃહરિ જેવો તપસ્વી આપણી વાતનો જવાબ આપે છે ત્યાં માટલિયાને ક્યાં પુછવા પણું રહ્યું. જે શંકા સહજ હતી તે પણ ૨૪ કલાક પહેલા જ કુદરતે નિર્મુળ કરી દીધી. જો કે મને શંકા તો નહોતી જ ખાલી સહજ પુછવા વિચારેલ. નિસર્ગને શરણે જઈએ તો નિસર્ગમાં રહેલા રહસ્યનો ખજાનો નિસર્ગ આપણી સમક્ષ ધરી દે છે. આમ આ નિસર્ગ પ્રત્યેની દ્રઢ શ્રધ્ધા વધતી જવાનો એક વધુ પ્રસંગ બન્યો.

૨૦.૪.૯૨ નું સંદેશનું આ એક જ પાનું કેમ બાકી રહ્યું ? નહિતર પસ્તીમાં ક્યાં ચાલ્યું જાય છે તે પણ ખબર નથી પડતી. ચાર વરસ પહેલાનું આ એકજ પાનું કેમ રહી ગયું ? અને આજે જ કેમ નજરે પડ્યું ? અને એ પણ આ જ અક્ષરો નજરે પડે તેમ કોણે મૂક્યું ? કુદરતના આ બધા અકળ રહસ્યો છે અને રહસ્ય જ રહેવાના એને સમજવાના બધા પ્રયાસ વ્યર્થ છે. એના શરણે જઈએ, એના નિયંત્રણમાં રહીએ એટલું જ પર્યાપ્ત છે. હું આને કોઈ ચમત્કાર નથી માનતો. યોગાનુયોગ જ આમ બનવાનું હતું તે બન્યું. આ કંઈ વિશેષ નથી, બસ નિસર્ગ પ્રત્યેના પ્રેમમાં વધારો થયો. એના શરણે રહેવામાં જ કલ્યાણ છે. નિસર્ગ આપણું કલ્યાણ જ કરે છે એ આ પેપરના પ્રસંગથી સમજાયું. **(ડાયરી માંથી ટૂંકાવીને)**

**<u>ડાયરી પાનું ૫૪</u>**

દેવનાર ગોરક્ષા સત્યાગ્રહમાં મારુ કામ પ્રેસ, રેલી, ઓફિસ, કોરસપોન્ડસ, પબ્લીસીટી વિ. માં સહયોગીનું રહ્યું. થોડો પ્રેસનો સહયોગ મળ્યો. ક્યારેક ફોટા, લેખો વિ. છાપ્યા પણ એથી કંઈ વિશેષ ફાયદો નહોતો થયો.

મને લાગે છે આ પ્રેસ પબ્લીસીટી-અન્યને સમજાવવાનો પ્રયાસ એ જ અડચણ હતી અને છે. આ ઋષિને તથા ઋષિ કાર્યને સમજી શકે એવું દૈવત આ પત્રકારોમાં નથી. એ શક્ય નથી. એ કાર્ય ભગવદને સોંપવા જેવું છે. આપણા હાથની એ વાત નથી. કોઈપણ

કાર્યના પ્રચાર-પ્રસારનો માનવીનો પ્રયાસ વ્યર્થ છે. એના જેવું ન કરવા જેવું અન્ય કોઈ કાર્ય નથી એટલું નગણ્ય એ કાર્ય છે. જુઓને ગણપતિને દુધ પીતી ઘટના. એક દિવસમાં સારા વિશ્વમાં ગણપતિ દુધ પીતા થઈ ગયા દુધનો દુકાળ પડી ગયો. સત્ય નહોતું એથી બીજે દિવસે ઘટના ભુલાઈ ગઈ. ગાંધીનું અલ્પ સત્ય પણ હજી જીવી રહ્યું છે. જગત ગાંધીને ભૂલવા ભરચક પ્રયાસ કરી રહેલ છે. શું એ શક્ય છે ? આપણે નકામા આ પ્રચારની માથાકુટ કરીએ છીએ.

૩.૮.૯૬ ના ઘરેથી ફોન આવ્યો કે બા બીમાર છે જલ્દી આવી જાવ સમાચાર મળ્યા તરત જવાનું નક્કી કર્યું. બપોરે ત્રણેક વાગ્યે મલાડ ઘરે પહોંચ્યો બા તો હોસ્પિટલમાં હતા કિશોરભાઈને ત્યાં જમીને હોસ્પિટલમાં ગયો. બા તો કોમામાં હતા સીટી સ્કેન થઈ ગયેલ. રીપોર્ટ આવવાનો બાકી હતો. હોસ્પિટલમાં ડોક્ટરો ઉતાવળા થતા હતા જલ્દી સહી કરી દો. આ ને તે ટેસ્ટ કરવા છે. અમારે તો મૌન હતું. સાંજે વડિલ આવ્યા પછી નિર્ણય લેશું એમ કહી મુલ્તવી રાખ્યું. જ્યાં સ્કેન કરાવેલ ત્યાં મૌખિક રીપોર્ટ આપેલ કે તાળવાની નીચેની નસ તુટી ગયેલ છે. લોહી ત્યાં નીકળે છે તેથી કોમામાં ચાલ્યા ગયા છે ચાંસ ઓછા છે. અહિં હોસ્પિટલમાં ડોક્ટરો કહે રીપોર્ટ નોર્મલ છે. તેથી હવે બીજા ટેસ્ટ લેવા પડશે. તેના ઘણા ખર્ચ થશે. તમે રજા આપો. પીઠમાંથી પાણી કાઢીને ટેસ્ટ, બ્લડ, યુરીન વિ. ટેસ્ટ લેવા પડશે. ઈલાએ કીધું વડિલો આવે પછી વિચાર કરીને કહીશું. આગળના ડોક્ટરે કહે જલ્દી કરો આમ ન ચાલે. ત્વરીત નિર્ણય થવા જોઈએ. એમાં ખર્ચ તો થશે જ છતાં તમારી પાસે પૈસા ન હોય તો કુપર કે બીજે લઈ જાવ. ત્યાં ઓછે ખર્ચ થશે. અમે કહ્યું વડિલો આવે પછી જ નિર્ણય થશે. સાતેક વાગે મોટા ડોક્ટર કહે ચાંસ ઓછા છે. અહિં રહો તો તેને પેસાબ-પાણી-દવા વિ. ની માવજત થાય બાકી ચાંસ ઓછા છે તેથી સાંજે ઘરે લઈ જવાનું નક્કી કર્યું. બીમાર માણસોને પણ લુંટવાની ચાલાકી જોઈ. ડોક્ટરોને દરદી ભગવાન રૂપે જુએ છે આ તો ભગવાનના રૂપમાં શેતાન નિહાળ્યા.

રાતે બાને ઘરે લાવ્યા. બાને પલંગ પર સુવાડી પલંગને બીજે ખુણે બાના પગ પાસે મારી જગા કરી. પલંગ પર હું ને બા બે જ રહ્યા.

આ એક માતૃઋણ ચુકવવાનો અદભૂત અવસર આવ્યો અને એ વિષે આવતા અંકમાં. **ક્રમશ:**

## તાતા થૈથૈ, તાતા થૈથૈ

આ ઉપરવાળો માળો ખરો છે ! અરે, ના સમજ્યા ? ઉપરવાળો એટલે લીલી છત્રીવાળો, અરે પેલો દૂર બેઠો બેઠો નાચ્યા વિના સૌને નચવી શકે છે એની વાત કરું છું. તે ધાર્યું હોય કે આ કરીશું ને તે કરીશું, આવું ગોઠવીશું ને તેવું ગોઠવીશું ને પછી મેદાન મારી જઈશું. પણ તેની ચપળ ચાલને કોણ પહોંચી શક્યું છે ? એક જ સ્ટ્રોક તે એવો મારે કે તમારી સમગ્ર બાજી તિતરબિતર થઈ જાય. તમે સીધા જ શીર્ષાસનની મુદ્રામાં આવી જાવ. તમે તમારી રીતનાં આયોજનો કરો અને એ એની રીતનાં આયોજનો કરે. તમારો અશ્વમેઘ યજ્ઞનો ઘોડો દોડી રહેલો લાગે પણ એ અશ્વનો એક પગ જ એવો ખોડંગાતો કરી મૂકે કે તમે ત્યાં ને ત્યાં પછી અટકી જાવ. હું તમારી વાત નથી કરતો. આ આપણા સૌની વાત છે. આપણાથી એ માળો એ રીતે તો જુદો ને જુદો જ રહે છે. તે તેની ગતિમાં બિલકુલ પાકો છે. ગજ-કાતર લઈને જ એ બેઠો છે. એક ઈંચ પણ ન વધારે કે ન ઓછું એવું કાપીને જ રહે છે. તમારી ગમે તેવી ધરણા હોય, ગમે તેવી આગાહી હોય, ગમે તેટલી પાક્કી ગણતરીઓ કરીને કે આંકડાઓ મૂકીને બેઠા હો પણ એક પળે તે બધું ધરાશયી કરીને જ રહે છે. આને જ આપણે લીલી છત્રીવાળો કહીએ છીએ. આપણી અને એની છત્રીનો રંગ સદા જુદો છે તો આપણી અને એની છત્રીનું માપ પણ જુદું છે. આપણે કોરા રહેવા છત્રી લઈને નીકળીએ પણ એ જ છત્રી આપણને ભીંજવી નાખે છે. જ્યારે એ માળાની છત્રી એવી છે કે તે ઈચ્છે ત્યારે કોરો પણ રહી શકે છે અને ઈચ્છે ત્યારે ભીનો પણ થઈ રહે છે. જુઓને, એ તો નિરંતર આપણને એની પાસે બોલાવતો જ હોય છે. તેના આપણા પ્રત્યેના ઈશારા કે સંકેતો પણ પાકા-કાચા હોય છે. પણ ત્યારે આપણે જરા ગરુરી બની તેને નજરઅંદાજ કરીએ છીએ. આપણે આપણી રીતે મુકરર કરેલાં ઘર બાંધવા બેસી જઈએ છીએ. વળી આભ ને મોભ તેમ, બારી અહીં કે બારી તહીં. પણ પછી તેમાં જ ખૂંપી જઈએ છીએ. નથી સંભળાતો તેનો સાદ કે નથી સમજતા તેના સંકેતો. અરે, જો થોડી એક એની વાત સમજીએ તો ! તો માળો, એ કંઈ એટલો તો જિંદી નથી કે વિના કારણે આપણને હેરાન કરી મૂકે. શરત એટલી કે એના તાલે નાચવું પડે. એના તરંગે તરંગિત થવું પડે. જો એટલું કરીએ તો તો પછી તે આપણાં છંદ-સ્પંદ-રંગમાં સહભાગી બની રહેવાનો. તે આપણું સહિયારું ગીત રચીને આપણને રાજી કરી દેવાનો. પછી એ જ આપણને બેસૂર થતાં અટકાવે. પણ આપણા રામને એવો સમય જ રોજના કાથાકબલામાં ક્યાં હોય છે ! તો પછી ભઈ, ભોગવો. બાંધ્યા કરો. તમારાં રમતઘરો. પછડાતા રહો દિનરાત. અટવાયા કરો તમારાં રમતઘરોમાં અથડાયા કરો દિશાહીન. કાળની ખંજરી તો બાજ્યા જ કરવાની છે. તે તો તેનો ખેલ પાર પાડીને જ રહેશે. તમે એકલા એકલા મસ્ત હોવાનો દાવો કરો કે ચુપચાપ રહો તેની ચિંતા પછી તે શું કામ કરે ?અરે, આ હમણાંના વર્ષની લગભગ સમાપ્તિના દિવસોને જ યાદ કરોને ! તમે તો આ ઈવેન્ટ અને તે ઈવેન્ટ કરવાના હતા. તમે તો ખેલૈયા થઈને માતાજીની સાથે કોઈપણ કારણો આગળ ધરીને તમારી ‘ભક્તિ’ની પ્રસ્તુતિ કરવાના હતા. પણ આસોના દિવસોમાં જ તેની ચાલ જોઈને ! ઉમડઘૂમડ મેઘ આવી પડ્યો ચૂઈ પડ્યો બધું સરાબોર ! પાણી જ પાણી. તેણે તો તેની સોગઠી મારી જ દીધી. ઈવેન્ટ ઈવેન્ટને સ્થાને. ખેલૈયા ખેલૈયાના સ્થાને. હા, તમે તમારી રીતે લાલ ગાલ રાખીને ફરો. તો આ છે લીલી છત્રીવાળાનો ખેલ. તમારી કૃતિમાં કે તમારી પ્રકૃતિમાં, તમારી વિકૃતિમાં કે તમારી સુકૃતિમાં તમે તોડો, ઘડો, ઝઝૂમો, ઝૂમો, ભમો, રમો, દમો કે નમો - બધી વેળા બાજી તો છેવટે માળો એ જ મારી જતો હોય છે. એટલે જ થાય છે કે તેની ચપળ ચાલનો આદર કરો. તમે મૃદંગ વગાડતા નથી, વગાડો છો એ તમારો ભ્રમ છે. થાય તો તેની છે : તાતા થૈથૈ, તાતા થૈથૈ !

**- પ્રવીણ દરજી, સૌ. ગુજરાત સમાચાર**

**થોમસ સાઝ કહે છે !** ‘‘જ્યારે ધર્મ તાકાતવાન હતો અને વિજ્ઞાન નબળું હતું, ત્યારે માણસે દવાને જાદુ ગણવાની ભૂલ કરી. જ્યારે વિજ્ઞાન તાકાતવાન છે અને ધર્મ નબળો છે ત્યારે માણસ જાદુને દવા ગણવાની ભૂલ કરી રહ્યો છે.’’ એકવીસમી સદીમા ઈકોલોજી અને ટેકનોલોજી વચ્ચે સમન્વય થાય એ શક્ય છે અને જરૂરી પણ છે. - **ગુણવંત શાહ.**

# આપણા વ્યવસાયનું ઊંજણ ''પશુપ્રેમ''

ખેડૂત વાડીના દરવાજે દાખલ થાય અને વાડી માહ્યલા પાલતુ પશુઓમાં પ્રેમનો ઊભરો ન અનુભવાય તો તેટલી તેની પશુઓ પ્રત્યેની આત્મિયતા ઓછી! દરવાજાથી ઘણે દૂર હોય ત્યાં જ માલિકના આવવાનો અણસાર અને એની ગંધ પાલતુ જાનવરો પારખી લેતા હોય છે. ચાર આંખ ભલેને ભેળી ન થઈ હોય છતાં પોતા પ્રત્યે પ્રેમાળ એવી માલિકની હાજરી માત્રથી પશુઓ હરખાઈ જતા હોય છે. હરખ વ્યક્ત કરવાની રીત ભલેને દરેકની જુદી જુદી હોય. જેમકે ગાય-બળદ હોય અને ખીલે બાંધેલ ન હોય તો ભાંભરડો દઈ નજદીક દોડી આવે, માલિકના હાથ-પગ ચાટવા મંડી જાય, અને અશ્વ હોય તો હાવળ દઈ આગલા પગના ડાબલાથી જમીન ખોતરવા લાગી જાય ! જ્યારે શ્વાન વળી ઊંહ...ઉંહ...ઉંહ ના ઉંહકારા કરી પગમાં આળોટણ કરવા માંડે, પણ પ્રેમની માત્રા સૌની એક એકથી સવાઈ ચડિયાતી ભળાતી હોય છે.

આ સાંભળી ઘણાના મનમાં એ પ્રશ્ન થવાનો જ કે ખેતીના ઉત્પાદનને અને આવા ગાય-બળદ કે ઘોડા-કુતરાની સાથેના લાગણીસભર વર્તાવના વેવલાવેડાને વળી શી લેવાદેવા ? જોજો આવો અભિપ્રાય બાંધવામાં રખે ઉતાવળ કરી બેસતા! ખેતીના ઊંડા અભ્યાસીઓ એવું કહે છે કે ''ખેતી એક એવો વ્યવસાય છે કે જેમાં સજીવો દ્વારા જ આખો તાણોવાણો બંધાયેલો છે. જૂઓને! બીજ જીવતું, છોડ અને ઝાડ જીવતા, તેમાં નુકશાન કરતી અને લાભકારી બન્ને પ્રકારની જીવાતો જીવતી, કામ કરનાર પશુઓ અને મજૂરો પણ જીવતા જ! આ બધાની ખોરાકની પસંદગી, રૂચી અને ગમા-અણગમાઓ પણ અલગ અલગ હોવાના જ! એટલે જ તો ધંધામાં બધી જગ્યાએ કોઈ એક જ નિયમ લાગુ થતો નથી. જ્યાં જેવી પરિસ્થિતિ અને જ્યાં જેવું પર્યાવરણ- ત્યાં તેના અલગ અલગ કાર્યક્રમો! તેથીસ્તો એકબીજા જીવોનો અંદરો અંદરનો જેટલી સલુકાઈભર્યો વ્યવહાર એટલો ખેતનફામાં વધારો.''

એટલે જ ભાર દઈને કહેવું પડે છે કે નરી આંખે ન દેખાતાં એવા ઝીણાં જીવડાં અને બેક્ટેરિયા પણ પોતાથકી સારી-માઠી અસરો ઉપજાવી શકતા હોય તો પછી ગાય-બળદ કે ઘોડા-કુતરાં જેવા પાલતુ પશુઓ એક, કે જે માલિકના પ્રેમનો પ્રસાદ પામી કાયમખાતે પૂરા પ્રસન્ન રહેતા હોય! અને બીજા, કે જેની - ખેડૂતની એકધારી ખીજ અને હડધૂત વર્તનના ભોગ બની પીઠ આખી સોટી-પરોણાના મારથી સુજી રહેતી હોય! તમે જ વિચાર કરો, તે બન્નેનો વળતો પ્રતિભાવ શું એકસમાન તો નહીં જ હોવાનો ને!

દા.ત. વાવણીનું કામ ચાલતું હોય અને બળદ ક્યારેક વિસરચૂકથી ચાસ જરા વાંકો થાય તેમ ચાલી નાખે, ત્યારે તેને ''ફોહલાવી'', હળવા અવાજથી ''પાધરો'' બોલીએ એટલે એની સમજમાં આવી જાય અને તેણે જે બે ડગલાં હમણા ભૂલભરેલાં ભર્યા હતાં તેનો ખ્યાલ આવી જાય, અને તેની સાચી દિશા એ પકડી જ લેવાનો હોય. પણ એટલી જરા સરખી યે ધીરજ રાખ્યા વિના ફડૂહ... દઈને પરોણી તેના બરડા પર જીંકી દઈએ, તેથી તો એ ખાટો અને ધૂવાંકૂવાં થઈ રહે અને કેટલીય વાર સુધી આડો-અવળો ડગલા ભર્યા કરે છે. ચાસનો નાનો સરખો વાંક જે ''પાધરો'' શબ્દ બોલવા માત્રથી સુધરી જાત તે 'સોટી', 'સરપટૂં' કે 'આર' અને બિહામણ 'હાંકલા' દ્વારા બીજા પાંચ નવા વાંક પાડવાની બળદને ફરજ પાડે છે.

તમે જોયું હશે કે ગાય કે ભેંશ જેવા જબરા જાનવરનું અડાણ દૂધના ભરાવાથી ફાટ ફાટ થતું હોય પણ તે એક સોટી તેના બરડામાં સબોડવાથી કે બે વહમા હાંકલાથી આંચળની બહાર નથી નીકળતું. તે માટે તો તેનું પ્રસન્ન ચિત્ત, તેના બચ્ચા પ્રત્યેનું વાત્સલ્ય અને દોહનારનું જાનવર પ્રત્યેનું લાગણીભર્યું વર્તન જ ''પ્રાહવો'' મૂકવા-અડાણ આંચળના દૂધના બંધ ઢીલા કરવા, કહોને આંચળના અંદરના ભોગળ ખોલવા સક્ષમ બનતું હોય છે.

એ નો એ જ અશ્વ માંદાકે ઘાયલ અસવારને રેઢેરેઢો આપમેળે ઘેર લાવ્યાના દાખલા ક્યાં નથી સાંભળ્યા આપણે! એનું એ જ કુતરું વાડી કે માલિકના રક્ષણકાજે પોતાના જાનની પરવા કરતું નથી. અને એનુ એ જ કુતરું માલિકની ઓળખાણની ઐસીતૈસી કરી - ''ડાંસિયું'' દઈ, બચકું ભરી પીંડીએ ચોંટી, લોહીલુહાણ કરી શકે છે. જેની જેવી ક્ષમતા! કોની સાથે કેવો વ્યવહાર કરવો અને ધંધામાં તેની કેવી અસરો મેળવવી તે ખેડૂતે પોતે નક્કી કરવાનું રહે છે.

**<u>ઉત્તમ ચાવી - રોજીંદી મુલાકાત</u> =** કહેવાનું એવું નથી કે દરેકે દરેક પાલતુ પ્રાણી પાસે રોજેરોજ જવું અને મળવું ફરજિયાત છે. પણ એટલું કહેવાનું તો જરૂર મન થાય કે દિવસ દરમ્યાન એકાદીવાર તો જાનવર સામું આપણી માલિક તરીકેની માયાળુ અને અભ્યાસુ દ્રષ્ટિ જવી જોઈએ. જેનાથી ઉત્તમ એવા બે પરિણામો મેળવી શકીએ છીએ.

**(૧) જાનવરની સ્થિતિનો ખ્યાલ આવે =** કોઈ જાનવર થોડું સાજુ-માંદું હોય તો તેની રુંવાટી કાળોંઢી ગઈ હોય, કોઈ લૂલૂ-લંગડાતું હોય, કે કોઈના મોઢામાંથી લાળ પડતી હોય, કોઈ વળી નીરણ ન ખાતું હોય કે ન વાઘોલતું હોય અને અણોહરું થઈ એકબાજુ ઊભું હોય તો આપણી મુલાકાતમાં નજરે ચડી ગયા વિના રહેતું નથી.

વળી કોઈ જાનવરની વિશિષ્ટ સ્થિતિ- જેમકે કોઈ વોડકું, ખડિયું કે વેતરાઉ ગાય-ભેંશ હીટ-ગરમીમાં હોય, અરે! કોઈ ગાય કે ભેંશ વિયાંવાની તૈયારી રૂપે શૂળાતી હોય એવા કિસ્સા પણ જો પશુઓની મુલાકાતનો સમય કાઢતા હોઈએ તો તરત નોંધ થઈ જાય અને એને અગ્રતાક્રમ આપી યોગ્ય સારવાર ટાણાહર કરાવી શકાય. આ સિવાય પણ માલઢોર ભૂખ્યા-તરસ્યા છે ? કોઈને તડકો લાગે છે ? ઠંડી લાગે છે ? તેની નીચે વધુ પડતું ભીનું છે ? વગેરે બાબતો-પરિસ્થિતિઓની ખરી જાણ કાંઈ પશુઓ પોતે કાગળ પર અરજી લખીને તો આપણને કરી શકવાના નથી ? એટલે રોજીંદી મુલાકાતથી આવી બધી પરચૂરણ વિગતો મળી જતી હોય છે અને જરૂરી પગલા લેવાનું આસાન બની રહેતું હોય છે.

**(૨) પશુના સ્વભાવ જાણી શકાય =** વૃક્ષો અને માણસોની જેમ પશુઓમાં પણ દરેકના વ્યક્તિગત ગમા-અણગમા, ખાવા-પીવાની અનોખી ઢબ, ખોરાકની પસંદગી, એકબીજા જાનવર સાથે રહેવાની ફાવટ, નારાજગી, પાટુ કે માથું મારવાની કુટેવ, બીજાને બટકું ભરી જવા જેવા અપલખણ, સ્વભાવનું ઠંડાપણું કે 'ફર...' કહે ત્યાં ફરંગટી ખાઈ જાય તેવી તેજીલી પ્રકૃતિ વગેરેની ઊંડી જાણકારી કહોને જાનવરની સાચૂકલી ઓળખ માલિકને મળી જતી હોય છે. અને અવાર નવારના તેની સાથેના મિલનથી જાનવરના મનમાં આપણા પ્રત્યે પોતાપણાનો જે ભાવ જાગૃત કરી શકીએ છીએ તે આપણા

પ્રત્યેની ફરજ બજાવવામાં તેને બળવર્ધક બની રહે છે. કહો જોઈએ! ખેડૂતે આપેલા પશુપ્રેમનો બદલો ખેતીના ઉત્પાદનમાં મળે કે ન મળે?

**જાનવરને આપણા પ્રત્યેના ભાવ જગાડવાના વધુ તરીકા**

આપણને કોઈ સગા-સ્નેહી મળે અને જે આનંદ થાય તેની સરખામણીમાં પશુઓ તરફથી મળતો નિર્વ્યાજ પ્રેમાનંદ અનેકગણો બળુકો હોય છે. અને એની પ્રતિતિ તો પશુઓ સાથેનો પ્રેમભર્યો પ્રત્યક્ષ વ્યવહાર જ કરાવી શકે! તમે બરાબરની ઝીણી નજરે નિરખજો! જ્યાં ખેડૂત અને ખેતી ઉપયોગી પાલતુ પ્રાણીઓ અરસપરસના સ્નેહપાશમાં બંધાયેલા હશે ત્યાં તેની ખેતીધંધાની ભાત્ય જુદી પડ્યા વિના રહેશે નહીં! ચાલો જાનવરને આપણા પ્રત્યેના ભાવ જગાડવાની રીતોની વિગતમાં ઉતરીએ.

**(૧) બુચકારીને પાસે બોલાવવું =** માલિક અને પાલતુ જાનવરની ચાર આંખ્ય ભેળી થયા ભેળું જાનવર તો ઈચ્છતું જ હોય છે કે માલિક ક્યારે મને બોલાવે! આપણે તેને ગાય-ભેંશ હોય તો 'શ્યામલી', 'સરિતા', 'ટીલી', 'ભગર', 'કુંઢી', કે બળદ હોય તો 'જાડિયો', 'ભીલો' 'જીવરો' જેવા જે નામે વારંવાર બોલાવવાની જે ટેવ પાડી હોય તે નામ દઈ, ખીલે બાંધેલ ન હોય તો પાસે બોલાવવું જોઈએ. અને છૂટું ન હોય તો આપણે તેની પાસે સામેથી જઈ, મોઢે-માથે હાથ ફેરવી નામથી બોલાવવું જોઈએ. તમે ખાસ માર્ક કરજો, કે જ્યારે આપણે તેને ખાસ નામ લઈ આપણી પાસે આવવાનું પ્યારભર્યું નિમંત્રણ આપતાં હોઈએ છીએ ત્યારે તો તે ખૂબ પ્રસન્ન થઈ હરખાતું હરખાતું આપણી પાસે આવતું હોય છે અને તેની ખાસ વિશિષ્ટ અદાથી તેનો રાજીપો વ્યક્ત કરવા આપણા હાથ-પગ ચાટવા લાગે કે આપણી સાથે તેનું મોં કે શરીર ઘસવા લાગી જાય છે અને ક્યારેક તો રીતસર આપણી સાથે વાતો કરતું હોય તેમ ખુશાલીના અવાજો કરવા લાગી જતું હોય છે. આ હૃદયભીના પ્રેમનું વર્ણન નહીં અનુભૂતિ જ થઈ શકે ભાઈ!

**(૨) હાથલો કરવો =** જાનવર જ્યારે આપણને ચાટવા અને આપણી સાથે એનું ડીલ ઘસવા લાગે ત્યારે આપણે તેને મોઢે, માથે, ડોકે,શરીરે હાથ ફેરવી પંપાળવું જોઈએ. વળી ક્યારેક ક્યારેક આ માટે ખાસ સમય કાઢી ગાય, ભેંશ, બળદ કે અશ્વ જેવા પ્રાણીઓને હાથમાં ''હાથલો'' (હાથના પંજાઉપર પહેરી શકાય તેવી કાથીની ગુંથેલી થેલી) પહેરી, થોડું દબાણ આપીને એના શરીર માથે ઘસવો જોઈએ. જેથી તેના શરીર ઉપરથી કેટલોક મેલ દૂર થાય અને માંદી રુંવાટી ખરી પડે. તેના શરીરે ચોટેલા લોહી ચૂસનારા જીવાણું ખરી પડે. લાણ, ઈતરડી, કથીરી, ગીંગોડા અને ભેંશ પાડરું જેવાને જૂ (ટોલા) જેવા જાનવરના આઉ તથા પગ અને પેટના સાંધાની જગ્યાએ, કાન અને કાનના મૂળમાં તથા આવી આળી ચામડી વાળી જગ્યાઓમાં ચાંચ ખુંપાડી દઈ, ત્યાંજ વળગી રહી, અવિરતપણે લોહી ચૂસ્યા કરતા હોય છે. ક્યારેક હાથલાના દબાણથી આવી જીવાતો દૂર ન થાય તો હાથથી વીણી લેવી જોઈએ. કોઈ જાનવર જરા વધારે ખારું-કંટુ હોય અને વિણવા દેવાની ધીરજ ન ધરે તો સીતાફળના બીજ, લીંબોળીના મીંજ કે તેના તેલનો ખડ કરવાથી પણ જીવાતોના મોઢાં પાકી ખરી પડે તેવા ઈલાજો કરવા જોઈએ.

ખેડૂતોમાં કહેવત છે કે ''દુબળા ઢોરને બગાઈઓ જાજી''. બગાઉ એ એક એવું ઉડતું ફરતું જીવડું છે કે જે ખાસ કરીને ગાય, બળદ, કુતરું, ઘોડા વગેરેની ચામડીમાં ચાંચ ખુંચાડી-ચટકો ભરી લોહીચૂસ્યા કરે છે. જાનવર પોતાની પુંછડી દ્વારા તેને ઉડાડવાના ઘણા પ્રયત્નો કરે તો પણ તે નકટું જીવડું જાનવરનો પીછો છોડતું નથી. જો કે થોડા તેજીલા અને શરીરે તંદુરસ્ત જાનવર પાસે ઓછી ઢુકતી હોય છે. પણ નબળા અને થોડા ઢીલા-એદી સ્વભાવના પશુઓને શોધી કાઢી તેને વધુ ચૂસી ખાતી હોય છે. રાતના લાઈટના અજવાળામાં તેને આંજી દઈ, પકડી લઈ, તેના ત્રાસમાંથી મુક્તિ અપાવવી જોઈએ. હવે તો એવી દવા શોધાઈ ગઈ છે કે જાનવરની પીઠ પર તેની લીટીદોરી દેવાથી કે દવાના ટીપાંની ધાર દોરી દેવા માત્રથી આખા શરીર પરથી આવો અસો દૂર થઈ જાય છે, જરૂર પડ્યે એનો ઉપયોગ પણ કરી શકીએ.

**(૩) ધમારવું =** ''ધમારવું'' એટલે નવરાવવું. ભેંશોને તો હોય છે પાણી બહુ વહાલું! તેને તો અંદર બેસી આખેઆખી નાહી શકે તેવી ખાડા-બાથની સગવડ કરી દીધી હોય તો ખૂબ ફાવે! ઉનાળાના ગરમીના દિવસોમાં શરીર માથે હાથ ફેરવતા ફેરવતા ઠંડુ પાણી રેડતા રહેવાથી તે ખુબ પ્રસન્નતા અનુભવે છે. આપણે બધા બળદ, ઘોડી કે કુતરાને ક્યારેક ક્યારેક ધમારતા હોઈએ છીએ પણ ગાયને ક્યારેય નવરાવતા નથી હોતા. તેને પણ અવાર-નવાર ચોખ્ખા પાણીથી ધમારતા રહેવાથી તેના શરીર પરથી મેલ અને જીણો અસો દૂર થઈ તેના શરીર પણ ચોખ્ખા અને સ્ફુર્તિલા બની જાય છે, અને દરેક જાનવર પોતાની રીતે સેવા વધુ આપવા માટે ક્ષમતા બક્ષતું બની જાય છે.

**(૪) વિશિષ્ટ શણગાર સજાવીને =** ભલે કાયમ ખાતે નહીં, પણ ક્યારેક ક્યારેક પ્રસંગોપાત જાનવરને વિશિષ્ટ શણગાર જેવાકે બળદને ડોકે ઘૂઘરમાળ, શરીરે રંગબેરંગી ઝૂલ, માથા ઉપર મથરાવટી, મોઢે મોડિયો, શીંગડા ફરતા શિંગરોટિયા, અને પગમાં ઝાંઝર પહેરાવવાથી બળદની અદા અને મિજાજ બદલી જતા હોય છે. એવું જ અશ્વોમાં પણ તેનો વિશિષ્ટ શણગાર તેનામાં ઔર સ્ફૂર્તિ પૂરી દેતો હોય છે. કોઈ સંસારત્યાગી સંત કે સંસારની શરૂઆત કરનારા વરરાજાના ફુલેકા-સામૈયામાં આવા શણગારો કરી પાલતુ પશુઓ પાસેથી પ્રસંગને વધુ દૈદિપ્યમાન બનાવવાનું એટલે જ આપણા પૂર્વજોએ ગોઠવ્યું હશે ને!

આપણે ખેતી કરતા ખેડૂતો અને દૂધનો વ્યવસાય કરનારા પશુપાલકોએ કાયમ આપણા વ્યવસાયમાં ઉપયોગી પશુઓ સાથે જીવંત વ્યવહાર રાખવો જ પડવાનો છે, તો પછી પશુથી અળગા અળગા રહીને શું કામ? એની સાથે આત્મિયતા ભર્યો વ્યવહાર જ કરીએ અને એની સાથે એવા ઓતપ્રોત બની જઈએ કે જેથી એને આપેલા પ્રેમનો બદલો એ પણ એટલા જ પ્રેમથી જ આપણને પરત કરી શકે!

- ***હીરજી ભીંગરાડિયા પંચવટીબાગ માલપરા, જિ.ભાવનગર, મો.નં.૯૩૨૭૫૭૨૨૯૭***

**'આપણી વિજ્ઞાન-સતા આપણી અધ્યાત્મ-સતાની આગળ નીકળી ગઈ છે. તેથી આપણી પાસે ગાઈડેડ મિસાઈલો છે અને અનગાઈડેડ મનુષ્યો છે. માર્ટિન લ્યુથર કિંગ**

**વિજ્ઞાનને અધ્યાત્મની દિશા ન મળે તો નવી નવી સમસ્યાઓ સર્જાતી જ રહેવાની છે.' શ્રી ગુણવંત શાહ.**

# સાચો ધર્મ તો અનુભવ છે

સાક્ષાત્કાર ન થયો હોય ત્યાં સુધી ઉચ્ચ જ્ઞાન અને ફિલસૂફી પણ 'અંધશ્રદ્ધા' જ છે. ધીમે ધીમે નરેન્દ્રનાથને પ્રતીતિ થઈ કે સાચો ધર્મ એટલે લૂખું જ્ઞાન નહીં, પરંતુ અનુભવ. ઈશ્વર વિશે વાદવિવાદ કરવાનો કશો અર્થ નથી. એનો સાક્ષાત્કાર કરવો જોઈએ. તત્ત્વની આલોચના કરવી એ ઠીક છે, પરંતુ એનું દર્શન કરવું એ જ વધુ સારું છે. ઈશ્વરદર્શન અને એનો સાક્ષાત્કાર કરવાની પદ્ધતિઓ વિશે શ્રીરામકૃષ્ણ સ્પષ્ટ માર્ગદર્શન આપતા. પ્રાર્થના વિશે એ કહેતા કે, ''તમે ગમે તે સ્વરૂપે પ્રાર્થના કરો, પણ ઈશ્વર તે સાંભળે છે જ, કારણ કે ઈશ્વર તો કીડીનો પગરવ પણ સાંભળી શકે છે.'' ઈશ્વરની શોધ કરવા માટે કામિની અને કાંચનને જીતવાં જોઈએ, એવું એ દ્રઢપણે માનતા. હૃદયની સચ્ચાઈ કેળવવાનો એ સૌને ઉપદેશ આપતા, કારણ કે એવી સચ્ચાઈ વગર-નિષ્ઠા વગર-કશું પ્રાપ્ત થતું નથી. 'ઈશ્વર સાકાર કે નિરાકાર?' એવો પ્રશ્ન પુછાય, ત્યારે એ ઉત્તર આપતા કે, ''એ સાકાર અને નિરાકાર બંને છે છતાં એ બંનેથી પર છે. બુદ્ધિ અને ધર્મના વાદોથી પણ એ પર છે. આત્માની ઊંડી અનુભૂતિમાં એ વ્યક્ત થાય છે. ભક્તને પ્રસન્ન કરવા એ કોઈ પણ સ્વરૂપ ધારણ કરે છે. એ વાણીથી પર છે. શાસ્ત્રોમાં કે મંદિરની ચાર દીવાલોમાં એ પુરાઈ રહેલો નથી.'' મૂર્તિપૂજાની યોગ્યતા કે અયોગ્યતા વિશે પ્રશ્ન પૂછનારને એ સમજાવતા, ''આ બધા પ્રશ્નોનો કશો અર્થ નથી. ઈશ્વરનું દર્શન કરાવે એવી કોઈ પણ ઉપાસના સાચી છે. તમારી આતુરતા કેટલી તીવ્ર છે, એ જ મુખ્ય મુદ્દો છે.'' એમણે નરેન્દ્રનાથને એક વખત કહેલું, ''ઈશ્વરને પામવાના અનેક માર્ગો છે. કોઈક પાયખાનાના બારણા જેવા અશુદ્ધ હોય છે, પરંતુ હંમેશા આગળને બારણેથી ઘરમાં પ્રવેશ કરવો એ જ સારું છે.''

શિષ્યને જ્ઞાન આપવાની શ્રીરામકૃષ્ણની પદ્ધતિથી નરેન્દ્રનાથ મુગ્ધ થઈ ગયા હતા. એક બ્રાહ્મભક્ત તરીકે જીવન વિશે એમનો જે મર્યાદિત ખ્યાલ હતો, તેમાં શ્રીરામકૃષ્ણની આ પદ્ધતિથી પરિવર્તન થવા પામ્યું હતું. 'પાપ' શબ્દ જ ગુરુદેવને અસહ્ય થઈ પડતો. 'જન્મથી જ પાપી' એવા શબ્દો એમના આધ્યાત્મિક શબ્દકોશમાં ન હતા. મનુષ્ય અમુક મર્યાદાઓ લઈને જન્મે છે, એ વાતનો એ સ્વીકાર કરતા. એમની વિશેષતા એ હતી કે જ્યારે બીજા લોકો આ મર્યાદાઓના રોદણાં રોવા બેસે, ત્યારે એ માનતા કે મનુષ્યમાત્ર આ મર્યાદાઓ ઉપર વિજય મેળવવા માટે જન્મ્યો છે. એક પ્રસંગે કેટલાક નિશાળિયાઓની નબળાઈઓની નરેન્દ્રનાથ ઝાટકણી કાઢી રહ્યા હતા. શ્રીરામકૃષ્ણ આ બધું સાંભળી ગયા અને બોલ્યા, ''શું આવી બધી વાતો લઈને બેઠો છે! ઈશ્વરની વાત કર ને.''

શ્રીરામકૃષ્ણના સદુપદેશનું હાર્દ નરેન્દ્રનાથ કોઈ અનોખી રીતે જ ગ્રહણ કરી લેતા. એમની સહજ બુદ્ધિને બીજા શિષ્યો પહોંચી શકે એમ ન હતું. ગુરુદેવના શબ્દોનાં આધ્યાત્મિક આંદોલનો સાથે એનો આત્મા સૌથી વધુ તાદાત્મ્ય સાધી શકતો; બીજા શિષ્યો ગુરુદેવના જીવનનું રહસ્ય બહુ થોડું ઉકેલી શકતા, જ્યારે નરેન્દ્રનાથની દ્રષ્ટિ છેક ઊંડે સુધી જતી. ગુરુદેવના શબ્દોનું રહસ્ય ઝીલવાની એનામાં કોઈ વિરલ શક્તિ હતી. સને ૧૮૮૪માં બનેલો એક પ્રસંગ આની સાક્ષી પૂરે છે. એક દિવસ પોતાના શિષ્યસમુદાયથી વીંટળાઈને ગુરુદેવ વૈષ્ણવ ધર્મ ઉપર વાર્તાલાપ ચલાવી રહ્યા હતા. નરેન્દ્રનાથ ત્યાં હાજર હતા. ગૌરાંગ પ્રભુના સંપ્રદાયનો સાર આપીને ચર્ચા આટોપી લેતાં ગુરુદેવે કહ્યું, ''આ સંપ્રદાયે પોતાના અનુયાયીઓને ત્રણ વસ્તુઓ આચરવાનો બોધ આપ્યો છે. આ ત્રણ વસ્તુઓ તે, પ્રભુના નામ માટેનો પ્રેમ, જીવમાત્ર પ્રત્યે દયા, અને વૈષ્ણવોની - પ્રભુભક્તોની - સેવા. આ ત્રણેયનું રહસ્ય એ છે કે પ્રભુ પોતાના નામથી ભિન્ન નથી એટલે મનુષ્ય હંમેશા એના નામનું રટણ કરવું જોઈએ. ભગવાન અને ભક્ત વચ્ચે ભેદ નથી, માટે મનુષ્યે ભક્ત માત્ર પ્રતિ ભાવ રાખવો જોઈએ. જગત આખું કૃષ્ણમય છે, એમ સમજીને જીવમાત્ર પ્રતિ દયા રાખવી જોઈએ.'' 'જીવમાત્ર પ્રતિ દયા'-એ શબ્દો બોલાયા કે તરત જ એ ભાવાવેશમાં આવી ગયા. થોડી વાર પછી અર્ધબાહ્ય અવસ્થામાં આવીને એ સ્વગત બોલવા લાગ્યા, ''જીવમાત્ર પ્રત્યે દયા! જીવમાત્ર પ્રત્યે દયા! અરે! પૃથ્વી ઉપર સળવળતો એક ક્ષુદ્ર કીડો વળી બીજા જીવો પ્રત્યે દયા બતાવે! તું વળી દયા બતાવનાર કોણ? ના! એવું હરગિજ ન બને. મનુષ્યો તો ઈશ્વરનું સ્વરૂપ છે. એમના પ્રત્યે દયા ન હોય, એની તો સેવા કરવાની હોય!''

આત્માના ઊંડાણમાંથી આવતા આ શબ્દો દરેક જણે સાંભળ્યા, પરંતુ નરેન્દ્રનાથ સિવાય કોઈ પણ એનો મર્મ પકડી શક્યા નહીં. ઓરડામાંથી બહાર નીકળતી વખતે નરેન્દ્રનાથે કહ્યું, 'ગુરુદેવના એ અદ્‌ભુત શબ્દોમાં મેં અપૂર્વ પ્રકાશ જોયો! સામાન્ય રીતે આજે કઠોર અને કર્કશ ગણાતા વેદાંતજ્ઞાનનો અને ભક્તિનો એમણે કેવી મધુર રીતે મેળ બેસાડી દીધો! કેવો ભવ્ય, નૈસર્ગિક અને મધુર સુમેળ! સમાજ અને મનુષ્યજાતિની સદંતર ઉપેક્ષા સેવવી અને પ્રેમ, ભક્તિ અને દયાભાવ જેવી કોમળ ભાવનાઓને જડમૂળથી ઉખેડી નાખવી એનું નામ વેદાંત, એવી સામાન્ય માન્યતા છે. એને પરિણામે વેદાંતી પોતે જગત અને માનવબંધુઓથી અલગ પડી જવાનો માર્ગ લે છે. અને માને છે કે આ બધી વસ્તુઓ આધ્યાત્મિક ઉન્નતિને બાધક નીવડે છે; પરંતુ શ્રીરામકૃષ્ણે સમાધિ દશામાં ઉચ્ચારેલી એ જ્ઞાનવાણી ઉપરથી જ હું સમજ્યો કે સમાજના વર્તુળથી બહાર રહીને સંન્યાસી જે વેદાંત ધર્મનું આચરણ કરતો હોય તે જ વેદાંત ધર્મનું આચરણ સમાજની અંદર રહીને થઈ શકે અને આપણા રોજબરોજના તમામ પ્રશ્નોના નિરાકરણમાં એનો વિનિયોગ થઈ શકે. મનુષ્યનો વ્યવસાય ગમે તે હોય, પરંતુ એણે સમજી લેવું જોઈએ કે ઈશ્વર જ આ જગત અને જીવરૂપે વિલસી રહ્યો છે. એ જગતમાં ઓતપ્રોત પણ છે અને જગતથી પર પણ છે. આપણાં પ્રેમભાવ અને દયાનું પાત્ર બની રહેલા વિવિધ જીવોનું રૂપ ધારણ કરનાર એ જ છે. છતાંય એ આ બધાથી પર છે. માણસને આવો દિવ્ય અનુભવ થાય ત્યારે એનું અભિમાન ગળી જાય છે. પછી બીજા કોઈ જીવ પ્રત્યે ઈર્ષા કે દયા ભાવનો પ્રશ્ન રહેતો નથી. મનુષ્યને ઈશ્વરનું સ્વરૂપ સમજીને જે સેવા થાય તેનાથી હૃદય શુધ્ધ થાય છે અને થોડા વખતમાં સાધક પોતાને ઈશ્વરના અંશ રૂપે જુએ છે.- **''વિવેકાનંદ જીવનચરિત્ર'' માંથી સાભાર.**

---

**અનુસંધાન પાના નં.૯ નું ચાલુ**

ઉપરથી થોડાં પાંદડાં ખંખેરે છે, મૂળિયાં, થડ હજી દ્રઢપણે સાબૂત છે અને આપણે ઈચ્છીએ કે આદિવાસી સમુદાયની પરંપરાઓ સચવાઈ રહે. જીવનધોરણ ભલે ઊંચું આવે પણ જીવનમૂલ્યોને ઘસારો ન પહોંચે. **ગીતા ગાલા, મો.નં.૯૮૨૫૦૮૯૩૦૬, 'માનસી' બિદડા-કચ્છ, 'પગદંડી' માંથી સાભાર.**

# ભેખડિયા-આદિવાસી સમુદાય સાથે અકલ્પનીય અનુભવ

વડોદરાથી ડભોઈ થઈને નસવાડીથી ભેખડિયા જવાના રસ્તે ક્યાંય પણ ગામડાંઓમાં રખડતાં ઢોરો દેખાય નહીં. રસ્તામાં બંને બાજુની સડક અથવા વચ્ચે આવતા ગામડામાં પણ એકે માંદુ કે રખડતું ઢોર જોવા મળ્યું નહીં. વરસાદના દિવસો હોવાથી વનરાઈ તો હતી જ. નાનાં નાનાં ખેતરોમાં ખેતી પરંપરાગત પદ્ધતિથી એટલે કે બળદો વડે થાય. આર્થિક સંકડામણનો સરળ ઉપાય આ લોકોએ શોધ્યો છે, બે ખેડૂતો વચ્ચે ક્યારેય પણ પૈસાનો હિસાબ નહીં, નાનમોટા ખેતરની ગણતરી નહીં અને કોના બળદે કોના ખેતરમાં કેટલા કલાક કામ કર્યું એની પણ ગણતરી નહીં.

અહીંનાં ઘરો ગાર-માટીવાળાં અને માથે છાપરું સૂકા ઘાસનું અથવા નળિયાંનું, બધાં જ ઘરોનો આકાર એક સરખો, સાઈઝમાં નાનાં-મોટાં હોય. કેટલાક પરિવારો ખેતર વચ્ચે ઘર બનાવી રહે, ખેતીમાં મુખ્યત્વે મકાઈ, નાંગલી અને શાકભાજી પણ ખરાં. એનાથી દુધાળાં ઢોરો માટે યોગ્ય ખોરાક મળી રહે. આટલી મર્યાદિત સાધનસંપત્તિ વચ્ચે પ્રત્યેક ઘરમાં દુધાળાં પ્રાણીઓ હોય જ અને એની ઓલાદને પણ સાચવે. ઘરઆંગણામાં ઢોર માટે માણસ કરતાં વધારે જગ્યા, ચારાના સંગ્રહ માટે પણ પૂરતી જગ્યા. પશુઓને બારેમાસ ચારો મળી રહે તે માટે દાણ અને ઘાસ રાખવા વ્યવસ્થિત જગ્યા હોય જ. સંકડાશ પડે તો માણસે ભોગવવાની, પશુઓ કે એમના માટે જરૂરી ખાણદાણમાં મોકળાશ હોય. દૂધનો પહેલો હક્કદાર વાછરડો કે વાછરડી, જે ધરાઈ જાય ત્યાર પછીનું દૂધ પરિવાર માટે. ગામમાં ફરતાં ફરતાં જોયું કે બહાર ભારે વરસાદ હતો એટલે પશુઓને ઘરમાં રાખે. ગામમાં એકે ઉકરડો ના દેખાય, ઘરનો કચરો-છાણ-વાસીદું એક ઠેકાણે એકત્રિત કરી એનો ખાતર તરીકે ઉપયોગ થાય એટલે દરેક ઘરનો પોતાનો ખાતરનો ઉકરડો હોય પણ ગામમાં, ચોકમાં, રસ્તામાં ઉકરડો જોવા ન મળે. સ્વચ્છ ભારતના નારાઓની અહીં જરૂરત નથી, કારણ કે સ્વચ્છતા આદિવાસીઓને કોઠે પડી ગઈ છે.

અહીં દરેક પશુનો વીમો ઉતારવામાં આવે છે જેના નંબરનો બિલ્લો તેના કાન પર લગાડવામાં આવે છે. અહીં કદાચ માણસનો વીમો નહીં લેવામાં આવતો હોય પણ પશુનો વીમો ચોક્કસ ઊતરાવે, આ સમાજને મન માણસ કરતાં જાનવરનું મહત્ત્વ વધારે છે. કોણે શીખવ્યા હશે એમને જીવદયાના પાઠ ?

સંતોષી અને સાદું જીવન જીવતા આ માણસોના સમાજમાં ગોકુળના સંસ્કાર અને ગોકુળનું મહત્ત્વ નાનપણથી જ બાળકને મળે છે. ઘરમાં જ પશુ હોય એટલે બાળક નાનપણથી એની સાથે હળેમળે છે. કોઈ ઘરમાં પશુ માંદું પડે એટલે આખું ઘર એની સારવારમાં લાગી જાય. કોઈ ઢોર મૃત્યુ પામે તો આખું ઘર એને વળાવવા જાય જેમાં ગામના લોકો જોડાય. આજે અન્યત્ર ગૌવંશ બચાવવાને નામે (ગૌરક્ષા) ગૌરક્ષકોએ જે રાજકીય વાતાવરણ ખડું કર્યું છે તેનાથી તદ્દન વિપરીત, જુદું વાતાવરણ અહીં જોવા મળ્યું છે અને હું કહીશ કે જીવદયાનો સાચો અર્થ ભેખડિયાની મુલાકાતે સમજાવ્યો છે.

બળદો દ્વારા ખેતીકામ થાય છે પણ બળદોની અછત છે એટલે અન્ય સ્થળોએથી બળદો લેવામાં આવે છે, પરંતુ માવજત અને ઉછેરમાં કોઈ કમી નહીં. બિડદા અને વોંધ પાંજરાપોળથી આવીને ઊછરેલા વાછરડાઓ અને બળદોનો ગજબનો રુઆબ હતો. ધોળાં પશુઓ પણ સાવ સ્વચ્છ, કચ્છના માલ સાથે ગીરની અને દેશી ગાયો તથા તેમની ઓલાદોને એકી સાથે ભાંભરતી જોઈ એ આહ્‌લાદક નજારો હતો. અહીં દરેક પશુનો એક મોભો હતો. માણસ જેવો જ.

ગામમાં મંદિરો નથી પણ ગૌકથા થાય છે, વ્યસનમુક્ત ખેડૂતો અને પરિવારજનો ખેતીકામ બાદ ભજન-કીર્તન માટે ભેગા થાય જેમાં દરેક સમાજના લોકો સાથે હોય. રામમાં માનનારા રામાનંદી, કબીરમાં માનનારા વગેરે વગેરે. ગૌકથામાં ક્યાંય આપણે ત્યાં થાય છે તેમ લક્ષ્મી ઉછાળી ઘોર થાય નહીં. બધું મર્યાદામાં રહીને, તમામનો મોભો સચવાય તે રીતે.

આદિવાસી સમાજમાં પાંચ 'જ'- જળ, જમીન, જનાવર, જંગલ અને જન આ પાંચ પ્રકૃતિનાં તત્ત્વોને પાંચ પ્રગટ દેવો તરીકે માનવામાં આવે છે. પાંચ પ્રગટ દેવાંશી તત્ત્વોનું જતન અને જાળવણી લોકભાગીદારીથી થાય છે. આ પાંચ પ્રકૃતિનાં તત્ત્વોનો વપરાશ સંપત્તિ વધારવા માટે નહીં પરંતુ સમાજની જરૂરિયાતો પૂરી પાડવા માટે થાય છે. આ તત્ત્વોની કોઈ અવગણના કરે નહીં, કોઈ અતિ ઉપયોગિતા પણ કરે નહીં. જ્યારે આપણે કહેવાતા ભદ્ર સમાજે આ સમતુલાને એકાદ સદીમાં ખોરવી દીધી છે ત્યારે આ આદિવાસી સમાજે એને સદીઓથી જાળવી છે. આ બધું નજરે નિહાળ્યું અને અનુભવ્યું ત્યારે ખ્યાલ આવ્યો સાજેદારી, જન ભાગીદારીના કોઈ પાઠ આદિવાસી સમાજને ભણાવવા પડ્યા નથી. ''બધું બધા માટે''નો સિદ્ધાંત એમના જીવનમાં વણાઈ ગયો છે. ગામમાં લાઈટ જાય તો બે-ત્રણ દિવસ અંધારું, ગામનો બોર લાઈટના અભાવે બંધ હોય ત્યારે આખું ગામ રતન ભગતના ભાઈ ચતુરભાઈના ખેતરના કૂવાનો ઉપયોગ કરે. ગામની બધી બહેનો ત્યાંથી પાણી ભરે, આજ સંસ્થાની હોસ્ટેલનાં આશરે અઢીસો બાળક પણ એનો જ ઉપયોગ કરે. કોઈ હિસાબકિતાબ નહીં, કારણ કે બધું બધા માટે છે.

સંસ્થાની હોસ્ટેલમાં લોકભાગીદારીનો સિદ્ધાંત અમલમાં છે. બાળકના વાલી ભોજન ખર્ચની આવેજીમાં યથાશક્તિ અનાજ સંસ્થાને આપે છે. કોઈ વાલી પાસે માંગવાનું નહીં પોતે અનાજ આપી જાય. આદિવાસી સમાજ આપણા સમાજ કરતાં વધારે મુક્ત (Liberal) છે. માવતર સગપણ નક્કી કરે, પરંતુ બેમાંથી કોઈ પણ એકને સામેનું પાત્ર પસંદ ન પડે તો ના કહી શકે છે. કન્યા પર ભાગ્યે જ સંબંધ જોડવા દબાણ થતું હોય છે. લગ્નજીવન વ્યવસ્થિત ન ગોઠવાય તો પંચ માટે રજૂઆત થાય, પંચ બેઉ પક્ષને સમજાવે અને એક-બે તક આપે અને તેમ છતાં ગાડી પાટે ન ચડે તો પંચ બેઉ પક્ષોને છૂટા પાડી દે. કોઈ સમયની બરબાદી નહીં, કોર્ટકચેરીના ધક્કા નહીં, ખોટા ખર્ચા નહીં અને સૌથી અગત્યની વાત એ કે સામા પક્ષ પાસેથી પૈસા પડાવવાની કોઈ તજવીજ નહીં. આપણા સમાજ માટે આ બધું આશ્ચર્યજનક અને અવિશ્વસનીય જણાય છે.

આ સમાજમાં બેટી બચાવો અભિયાનની કોઈ જરૂરત નથી. કન્યાકેળવણીનું પ્રમાણ ભીલ-ભીલાલા સમાજમાં ઓછું છે એટલે બેટી પઢાઓ અભિયાનની ત્યાં જરૂરત ખરી. આ સમાજમાં જ્યાં ભણતરનું પ્રમાણ વધ્યું છે, ભદ્ર સમાજ સાથેનો સંપર્ક વધ્યો છે, ત્યાં અમુક સમુદાયો કે પરિવારોનું આર્થિક ધોરણ વધ્યું છે. થોડા પ્રમાણમાં જીવનશૈલી પણ બદલાઈ છે, પરંતુ આ પરિવર્તનના પવન

**અનુસંધાન પાના નં.૮**

## અગમ ખેલ અનહદકી આગે...

'સોરઠની ધરતી પર એક વાર આણું વળીને પહેલી વાર સવારે જતી એક બાઈએ ધગધગતા એક બપોરે વિસામાના સ્થળે વેલડાનો માફો ઊંચો કરતાં જ સામે જીર્ણશીર્ણ ઝૂંપડી નજરે પડી. ના પાડવામાં આવી હોવા છતાં એ યુવાનબાઈ વેલની હેઠે ઊતરી, કાંટાળી વાડમાં છીંડું પાડીને પેલી ઝૂંપડી પાસે ગઈ અને એની નાનકડી વા-બારીમાંથી અંદર નજર કરી. એક યુવાન માથે બુકાની બાંધીને બેઠો છે ને એની આજુબાજુ દસપંદર રક્તપિત્તિયા દર્દીઓ કણસી રહ્યા છે. 'મારા બાપ! મારા રામ! મારી 'દશ' એવું બોલતાં બોલતાં પેલો યુવાન એ ભૂખ્યા ભૂત જેવા લાગતા લોકોના મોઢામાં રોટલાનાં બટકાં મૂકતો જાય છે ને કહેતો જાય છે, 'આ એક કોળિયો ખાઈ લો મારા રામ! તમારા અંતરના અગ્નિમાં આ રોટલો ઓરો ભાઈ, તમારો ભીતરનો અગ્નિ શાંત થઈ જશે.' જેના અંગો ગળી ગયાં છે, જેની આંખો ચૂવે છે, જેનાં નાક ચૂવે છે, જેનાં પગ ટળી ગયા છે ને જેના શરીરમાં ઠેર ઠેર ગોબા પડી ગયા છે એવા એ લોકોને જોતાં જ પેલી બાઈને વિચાર આવ્યો, કર્મની મહાસત્તાએ આ લોકોને આવો આકરો દંડ કેમ આપ્યો હશે? કે પછી કર્મની મહાસત્તાએ એ લોકો સાથે ન્યાય કર્યો હશે? પણ આવા પ્રશ્નોના જવાબ મળે તે પહેલાં જ પેલો બુકાનીધારી યુવાન બોલતો સંભળાય છે, 'તમે શું કામ રિબાવ છો મારા માવતર? શા માટે આટલા બધા વલવલો છો?' એ બાઈને ભગવાન બુદ્ધ વિશે જાણ હશે કે નહીં એ તો રામ જાણે પણ બુદ્ધનો બોધ સમજાઈ ગયો હોય એવું આ દ્રશ્યની એના ચહેરા પર ઊપસેલા ભાવ જોતાં લાગતું હતું.

કર્મની મહાસત્તાનો દંડ હોય તો દંડ અને ન્યાય હોય તો ન્યાય, જે હોય તે પણ તેને (દંડ કે ન્યાયને) કૃપામાં ફેરવતા પેલા બરદાસી યુવાન પ્રત્યે એનું માથું અનાયાસે નમી ગયું. એને પ્રશ્નનો જવાબ મળી ગયો, એ વીંધાઈ ગઈ, એને આગળનો મારગ મળી ગયો, એને પોતાનું ભાવિ દેખાઈ ગયું કારણ કે એને પેલા શબ્દો પાછળનો નાદ સંભળાઈ ગયો હતો.

'એ યુવાન બાઈ એટલે અમરબાઈ - અમરમા - અને પેલો યુવાન એટલે દેવો રબારી - સંત દેવીદાસ. ને જુઓ, નાદ સંભળાઈ ગયા પછી સમજણ અને દ્રષ્ટિ કેવાં બદલાઈ જતાં હોય છે! આણું વળીને પહેલી વાર સાસરે જતી અમર વચ્ચે 'મારગ'માં જ રોકાઈ ગઈ! એનાં સાસરિયાં એને શોધતાં શોધતાં ઝૂંપડીમાં આવી પહોંચ્યાં તો અમરે એને જવાબ દીધો, 'મારે જ્યાં જવું હતું ત્યાં સુધી તો હું આવી ગઈ છું હવે આગળ નહીં જવાય' અને પછી પોતાના પરણ્યાને કહે છે, 'તમારે ઓરડે આવી, ઢોલિયે સૂઈને અંતે તો મારે સુવાવડો કરીને છોકરાં જ જણવાનાં છે ને? તો પછી અહીં વગર ઢોલિયે પોઢે અને વગર જણ્યે પંડના જણ્યા જેવા આ રામગાંડિયા મળી જતા હોય અને માથે આ 'બાવા' જેવું બાપનું છત્તર મળી જતું હોય તો મારે તમારી સાથે શા માટે આવવું? તમને બીજી આયરિયાણી મળી રહેશે. પણ મને આવું બીજું 'ઘર' નહીં મળે! તે દી અમરબાઈ એ ઓરડામાં ભળી ગઈ, ઈ ઓરડે - પરબે તે દી ભજન ઊગ્યું, રામસાગર અને મંજીરા રણકવા લાગ્યાં અને એ બેય સાથે મળીને શબદ અને સ્વરે એવી ચોપાટ માંડી કે એ રમતમાં કેવળ નાદ જ ગુંજવા લાગ્યો.'

મજાની વાત એ છે કે અહીં બેઠેલા આપણે બધાય ઈ નાદની મૂડી લઈને બેઠા છીએ. સવાલ ઈ નાદ સાંભળવાનો છે. ઈ ક્યારે સંભળાય? ઈ નાદ કોણ સંભળાવે? કેવી રીતે સંભળાવે? બસ, સમયની રાહ જોવી ઘટે. **''આવન જાવનનો મંત્ર'' માંથી સાભાર,**

**સૌ.''સંગત'' નવે.૧૬ માંથી સાભાર.**

## ઉકાળો

ડોશી શબ્દ સાંભળતાં જ રાજેશનો પિત્તો ગયો! તેણે હાથ ઉપાડવાનું કર્યું, પણ... ના, તે ગમ ખાઈ ગયો!

''હવે હું વધારે ખમી શકું તેમ નથી. આખો દિ'કચ! કચ! કચ! ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે! ખાટલો છોડતી નથી ને દખેથી જીવવા દેતી નથી! રોજના આ લોહી ઉકાળાથી ત્રાસી ગઈ છું!... જુઓ, છેલ્લી વાર કહું છું તમને... આ ઘરમાં ક્યાં તો એ, કાં તો હું?'' સરોજની લૂલી બેફામ ચાલુ હતી.

''સરોજ, ધીમી પડ... હું બાને સમજાવીશ.''

''અને ના સમજે તો ... તો શું કરશો?''... ''તો ધક્કો મારીને કાઢી મૂકીશ, બસ!'' રાજેશ ભાવાવેશમાં બોલી ગયો.

આવા આકરા શબ્દો કાને પડતાં જ દરવાજા પાછળ સાંભળી રહેલાં બાં આગળ આવ્યાં ને બોલ્યાં: ''ના, બેટા! એવું તારે નહીં કરવું પડે. તારી ફજેતી થાય તે મને નહીં ગમે હું જઈ રહી છું! વહુ બેટા, આ પોટલીમાં મારાં જૂનાં લૂગડાં સિવાય બીજું કશું જ નથી. તારે તપાસવી હોય તો તપાસી લે.''

''બસ હવે, સત્યવાદી બનવાનો ડોળ ના કરો.'' સરોજે કટુ વચન સંભળાવ્યું. બા એક એક પગથિયું માંડ માંડ ઊતરતા હતા. અવાક બનેલો રાજેશ જોઈ રહ્યો હતો. બા આવું પગલું ભરશે તેનો તેને સપનેય ખ્યાલ ન હતો.

છેલ્લે પગથિયે પહોંચી બાએ રાજેશ તરફ ફરી કહ્યું: ''દિકરા, એક વાતનું ખાસ ધ્યાન રાખજે. તને શરદીનો કોઠો છે... અવારનવાર શરદી થઈ જાય છે. હું ઉકાળો કરી આપું ત્યારે જ મટે છે. તું ઉકાળો લેવાનું ભૂલતો નહીં, દીકરા!'' બા ક્યારે અને ક્યાં અલોપ થઈ ગયાં તે રાજેશને દેખાયું નહીં. તેની આંખમાં ઝળઝળિયાં બાઝી ગયાં હતાં!

**- આબિદ ભટ્ટ (નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧)**

## ઠરે આંતરડી ભૂખ્યાની

'દીવ'ની યોગ શિબિરના મુખ્ય આયોજક યાસ્મીનબેન અને નસરુદ્દિનભાઈ જીવાણીની 'અપના હોટલ'માં અમારો ઉતારો હતો. આ દંપતિની મહેમાનગતિથી અમે રસતરબોળ તો હતા જ એમાં ધ્યાનમાં આવ્યું કે અમે રોજ બપોરે ભોજન બાદ ટહેલવા જતા ત્યારે હોટલની બહાર લાઈનસર લાચાર/પરવશ લોકો દેખાતા. તેમને પેકલંચ અને પાણીની બોટલ અપાતી. જેમને જમવું હોય તે ત્યાં બેસીને જમે અથવા ઘરે પણ લઈ જઈ શકે. કોઈ બંધન નહિં, નાત-જાતનો ભેદભાવ નહીં. મારું ખેપાની મન વિચારે; વધ્યું-ઘટ્યું આપતા હશે. મેનેજર શિબિરમાં જોડાયા હતા, આત્મિયતા બંધાઈ હોવાથી તેમને પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે, 'ના! એમના માટે રોજ વિશેષરૂપે રાંધવામાં આવે છે.' હું નતમસ્તક થઈ ગઈ. અદ્‌ભુત પ્રત્યક્ષ અન્નદાન. (**''રવમાં નીરવતા'' ગીતા જૈનના પુસ્તકમાંથી)**

# तुफां तो आते रहते है

नफ़रत करना नही किसी से प्यार सभी से करना जी,
तूफ़ाँ तो आते रहते है, इनसे भी क्या डरना जी।
हिम्मत करने वालो को, मिलती मदद सब लोगो की,
सत्कर्मो की तुलिका से, जीवन में रंग भरना जी।

हार जीत का खेल है जीवन, खेल समझकर खेलो,
जो भी मिलता, हाथ बढ़ाकर खुशी खुशी तुम लेलो।
जब तक जियो, हसकर जियो इक दिन सबको जाना जी,
तुफ़ाँ तो आते रहते है, इनसे भी क्या डरना जी।

धूप-छाँव जीवन का हिस्सा, कभी उजाला, कभी अंधेरा,
रात हो चाहे जितनी लंबी, उसका भी है अंत सवेरा।
समय एक-सा कभी न रहता, थोड़ा धीरज धरना जी,
तूफ़ाँ तो आते रहते है, इनसे भी क्या डरना जी।

देह अभिमान के कारण देखो कितनी महामारी है,
सबको सच्ची राह दिखाना, अपनी जिम्मेदारी है।
आत्मज्ञान के दिप जलाकर, दूर अँधेरा करना जी,
तूफ़ाँ तो आते रहते है, इनसे भी क्या डरना जी।

**प्रेषक: तनीश सचिन गांधी, बोइसर,**
**तनीश के स्कुल की यह प्रार्थना है।**

# લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. ગીતાબેન ગાંધી | - કાંદિવલી | ૧૦૦/- |
| ૨. કાંતી પટેલ | - પાટણ | ૧૦૦/- |
| ૩. અશોકભાઈ સંઘવી | - અમદાવાદ | ૩૦૦/- |
| ૪. નેમજીભાઈ ગાલા | - તીથલ | ૫૦૦/- |
| ૫. ધીરૂભાઈ જોગીયા | - માલસર | ૧૦૦/- |
| ૬. હસમુખભાઈ જોગીયા | - મલાડ | ૧૦૦/- |
| ૭. ધનસુખભાઈ શાહ | - કાંદિવલી | ૧૦૦/- |
| ૮. ભાવેશ પટેલ | - કોલ્હાપુર | ૧૦૦/- |
| ૯. જયંતિલાલ એચ. સોનેથા | - મલાડ | ૧૦૦/- |
| ૧૦. યંગમેન ગાંધીયન એસો. | - રાજકોટ | ૧૦૦૦/- |
| ૧૧. હસમુખભાઈ શાહ | - અડાલજ | ૨૦૦૦/- |
| ૧૨. રસીલાબેન પારેખ | - મુંબઈ-૨૬ | ૧૦૦૦/- |
| ૧૩. બારમાં સમુહ લગ્નોત્સવના ૫૨ યુગલના લવાજમના | - ગોકુલધામ, નાર | ૫૨૦૦/- |

બારમો સમુહ લગ્નોત્સવ નાર, જી. આણંદ ગામે યોજાયેલ છે જેમાં ૫૧ યુગલ જોડાયેલા છે જેના ૧ વરસના લવાજમની રકમ લગ્નભેટ તરીકે શ્રી ચીમનલાલ પુંજાલાલ પટેલ, તારાપુર તરફથી મળેલ છે. ચીમનભાઈએ નવી પહેલ પાડી સાત્વિક ભેટ સહુને આપી સમાજ માટે પ્રેરક બન્યા છે. તે બદલ ધન્યવાદ.

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી. Bank Code : IFSC BKID 0000031.**

# નવ દંપતિ-યુગલ

**આપનું દામ્પત્ય જીવન સુખરૂપ-પ્રગતિકારક અને અખંડ સંપીલું સદા બની રહો તેવી આજના શુભ દિને પ્રભુને પ્રાર્થના છે.**

**આ સાથે ''ગોરક્ષા પાત્ર'' માસિકની આપને એક વરસ અમૂલ્ય ભેટ મળતી રહેશે. તો વાંચતા રહેશોજી. ગાગરમાં સાગર સમા ટૂંકા ટૂંકા લેખો ઘડીકમાં વંચાઈ જશે. ખૂબ જીવનભાથું ચોટડૂક તેમાંથી મળશે. આ વાંચતા આપને બહુ સમય નહિ લાગે વાંચશો ને? એક વર્ષના અંતે જો આ પત્રિકા ગમે તો લવાજમ ભરી ગ્રાહક બનજો. ફરજીયાત નથી મુકતતા જ છે.**

**આ બારમાં સમૂહ લગ્નોત્સવના આયોજક સ્વામી શુકદેવ પ્રસાદ દાસજી અને સહયોગ (દાન) આપનારાઓની હાર્દિક શુભેચ્છાઓ અને આશીર્વાદ. ગોકૂલધામ-નાર, તા.૨૨.૧.૨૦૧૭ આભાર સહ જયજગત - પ્રેષક: ચીમનભાઈ પૂંજાભાઈ પટેલ.**

# દર્દીઓની ઉઘાડી લુંટ ક્યારે બંધ થશે?

હમણા સમાચાર આવેલા કે સરકારે કેટલાક મુખ્ય રોગોની દવાઓના ભાવમાં ઘટાડો ક્ર્યો છે. પણ વાસ્તવિકતા કંઈક ઓર જ છે. અમારા ધર્મપત્ની રોજ હાઈ બી.પી.ની દવા લે છે. એ માટેની જનરીક દવા કોઈ કેમીસ્ટ દુકાને ન મળી પછી બજારમાંથી હોલસેલમાં જે દવા મળે છે તે લીધી. તો રીટેલ અને હોલસેલમાં જમીન-આસમાનનો ફરક જોવા મળ્યો.

1. Avacard AT 15 Tab. MRP 70/- @4.66 per tab.
   15Tab x 20 strip = 300 Tab (1 Box) Rs.270/-
   @90 paise per tab.
2. Amlomed AT 10 Tab MRP 32.80 @3.28 per tab
   W/sale Rate 200 Tab Rs.200 per box @1.00 per tab.

પ્રથમ દવામાં ૪૦૦% થી વધારે નફો. બીજી દવામાં ૨૨૮% નફો જેમણે કાયમી દવા લેવાની હોય તેઓએ દવા બજારમાંથી હોલસેલમાં આખું બોક્સ એટલે કે ૨૦૦ કે ૩૦૦ ટેબલેટ આવે તે લેવાથી આ લુંટમાંથી બચી શકાશે. આખું બોક્સ લેવું જરૂરી છે.

અમારા મિત્ર ડો.સી.કે. વોરા જે સેવા રૂરલ હોસ્પિટલ ઝઘડીયામાં સેવા આપી રહ્યા છે તેમણે સસ્તી અને શ્રેષ્ઠ UDP AT લખી આપેલ પણ તે તો તપાસ કરતા મળી જ નહી. ઓછા નફાવાળી દવા ડોક્ટર લખતા નથી અને દુકાનદારો રાખતા નથી.

ફૂડ સ્ટફ, સાબુ અન્ય રોજબરોજની વપરાશની વસ્તુઓ માં હોલસેલ/રીટેઈલમાં લગભગ ૨૦ થી ૨૫% નો ફરક હોય છે. પણ જીવન મરણ માટે અત્યંત આવશ્યક દવાઓમાં હોલસેલ/રીટેઈલમાં ૧૦૦ થી ૪૦૦% નો ફરક રાખીને MRP ના નામે પ્રજાની આ બેફામ લુંટ ખુલ્લે આમ ચાલી રહી છે. શું મોદી સરકાર આવી લુંટ અટકાવવા માટે સરજીકલ સ્ટ્રાઈક કરશે ખરી?

બંગલાદેશ ૧૯૭૨માં સ્વતંત્ર થયું છે પણ ત્યાં જીવન જરૂરી દવાઓ એક જ નામે અને એક જ ભાવે વેંચાય છે. અહિં તો જુદી જુદી કંપનીઓ એક જ રોગની જુદા જુદા નામે દવાઓ બનાવે છે અને પાછા એ જ દવાના અલગ અલગ ભાવ હોય છે. શું સરકાર આ નહિ જાણતી હોય? **તંત્રી- રમેશ દોશી, (નિમિત માત્ર)**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

# કોળાની અવેજીમાં ઔષધોપચાર

શિર્ષક વાંચીને ચોંકી જવાયું ને? પૈસા વગર આ જગતમાં પાંદડું પણ ફરકતું નથી. એવી દ્રઢ ખાત્રી ધરાવતી આધુનિક વિચારસરણીને પડકારે એવો અભિનવ પ્રયોગ છેલ્લા વીસ વર્ષથી શરૂ છે. ઔષધોપચાર માટે જેની પાસે પૈસાનો અભાવ હોય, તેવા દર્દીઓ પાસેથી વસ્તુઓ સ્વીકારતા એક વૈદ્યરાજ ગ્રામીણ કોંકણમાં કાર્યરત છે. તેમનાં અનોખા ઉપક્રમની કથા તેમનાં જ શબ્દોમાં પ્રસ્તુત છે.

‘‘ઘટના છે વીસેક વર્ષ પૂર્વેની કોંકણનાં એક નાનકડા ગામડાની. એક વૃધ્ધા મારી પાસે સારવારાર્થે આવી. પરંતુ તેની પાસે ઉપચાર કરાવવાની ફી જેટલા પૈસા ન હોતા. એ દાદીમાને મેં ઉધારમાં સારવાર કરી આપવાની તૈયારી બતાવી, પરંતુ તે સ્વમાની માજીને તે મંજૂર નહોતું. વાતવાતમાં મેં તેમની પાસેથી જાણી લીધું કે નાળિયેરીનાં પાંદડામાંથી સાવરણી બનાવી, તે પોતાનું ગુજરાન કરતાં હતાં. મેં તેમને કહ્યું કે દવાનાં બદલામાં મને સાવરણી આપી જજો. વૃધ્ધ દાદીમાની સ્વમાનભેર ઈલાજ કરવાની ઈચ્છાએ મારા મનમાં એક નવી સંકલ્પના જન્મી. દિવંગત શ્રી રાજીવ દિક્ષીતજીએ દર્શાવેલી સ્વાવલંબન અને પ્રાચીન ભારતીય પરંપરા-એ બંનેનો સુમેળ સાધતી એક નવી આદાન-પ્રદાન વ્યવસ્થા શરૂ કરવાની પ્રેરણા મળી. મેં વિચાર કર્યો કે આપણે ત્યાં ગ્રામીણ વિસ્તારોમાં ભૂતકાળમાં પ્રચલિત વસ્તુ-વિનિમય પધ્ધતિને નાનાં પાયે અજમાવવી જોઈએ.

ગ્રામીણ પ્રજા પાસે રોકડા નાણાં હોય કે ન હોય, પરંતુ વાડીનાં તાજા શાક, અનાજ, ગોળ, ઝાડૂ વગેરે વસ્તુઓ હોય છે. ઉપચારની ફી તરીકે તેઓ પૈસાને બદલે આવી વસ્તુઓ, પદાર્થો આપે, તો તેનો સ્વીકાર કરવો એવું મેં નક્કી કર્યું. ઉપરાંત મારા દવાખાનાનાં કર્મચારી વર્ગને પણ આ યોજના સારી રીતે સમજાવી. યોજનાને અમલમાં મૂકવા માંડી. શરૂઆતમાં થોડા પ્રશ્નો નિર્માણ થયા. બધા જ રૂગ્ણો વસ્તુઓ જ લાવે તો? ફી તરીકે મળેલ પદાર્થ નાશવંત હોય તો? જરૂરિયાત કરતાં વધુ વસ્તુઓ ભેગી થાય તો? આવકમાં આ વસ્તુઓ કઈ રીતે દર્શાવવી? આવા પ્રશ્નોમાં જવાબ તો અનુભવ અને અભ્યાસ થકી જ મળી શકે તેમ હોવાથી યોજના શરૂ થઈ શરૂઆતમાં થોડી તકલીફ થઈ. ગ્રામજનોનાં મનમાં પણ કેટલાક સવાલો ઊભા થયા. પરંતુ દવાખાનાના સ્ટાફે વિનયથી આ યોજનાનો અમલ કરવા માંડ્યો. મારા ઘરમાં ઉપયોગી ન હોય તેવી વસ્તુઓ દવાખાનામાં વેચાણ/ વિનિમય અર્થે મૂકવા માંડી. જરૂરતમંદ લોકો એ વસ્તુઓ લઈ જવા માંડ્યા.

શરૂઆત સાવરણીથી થઈ. પછી તો જાતજાતની વસ્તુઓ આવવા માંડી. કોળું, સેન્દ્રિય ચોખા, હળદર, ચોખા, કોકમ, કાજૂ, ગોમૂત્ર, ગળો, કેસર, જુદાજુદા ફળો, કાગળની થેલીઓ વગેરે. એક દર્દીએ મને પાંચસો રૂપિયાની અવેજીમાં સો રૂપિયાનું એક, એ ભાવે પાંચ કોળા લાવી આપ્યાં. મેં એમાંથી કુષ્માંડ પાક બનાવી, ૨૫૦રૂ કિલોનાં ભાવે ચાર કિલો મૂલ્યવર્ધિત પાક વેંચ્યો. આમાં મને નફો થયો કે તોટો? દર્દી અને ડૉક્ટર બંનેનો ફાયદો થાય, તેવી પધ્ધતિ ગ્રામીણ વિસ્તારોમાં કેટલી ઉપયોગી નીવડી શકે તેનો સુજ્ઞોએ વિચાર કરવો રહ્યો. ગ્રામીણ ભારતમાં ગ્રામ્ય પ્રજાનું આત્મ સમ્માન જાળવવા આવી પ્રથાનો અમલ વધારે ફેલાય તેવા પ્રયત્નો થવા જરૂરી છે. મેં છેલ્લા ૨૩ વર્ષથી આ યોજનાનો અમલ કરી અવર્ણનીય આનંદની અનુભૂતિ કરી છે. લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં પણ મારી આ પ્રવૃત્તિની નોંધ લેવાઈ છે, એ જાણીને મને વધુ આત્મવિશ્વાસ મળ્યો.

**(લેખક: ડૉ. સુવિનય દામલે, કોંકણનાં એક નાનકડા ગામમાં પ્રથિતયશ ડૉક્ટર છે. તેમણે છેલ્લા ૨૩ વર્ષથી ઉપરોક્ત યોજના ચલાવી છે. સંપર્ક: dr.suvinay@gmail.com) મંજુ સાવલા.**

**માનવીના જીવનમાં પુરુષાર્થ પુરો થાય પછી પ્રારબ્ધની શરૂઆત થાય છે.**

**Post Registration No. MNW/277/2015-17**
“Licence to Post Without Pre Payment”
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**